કન્યા ગુરૂકુળ.

Regd No. 3220.

# તરુણ જૈન

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર

વાર્ષિક લવાજમ ૧-૮-૦
છુટક નકલ ૦-૧-૦

:: તંત્રી : ચંદ્રકાન્ત સુતરીયા. ::

વર્ષ ૩ જું. અંક નવમો
મંગળવાર તા. ૧-૧૨-૩૬.

## શ્રવણ અને સંસ્મરણ.

જૈન સંઘની અહિંસા અને ત્યાગ–વિરાગની ભાવના સામાન્ય જનસમૂહમાં ખૂબ જાણીતી છે. પરંતુ જૈનોની એક સ્વતંત્ર સંસ્કૃતિ હતી અને એ સંસ્કૃતિએ મૌલિક સાહિત્યનો જન્મ આપ્યો હતો. અને એજ સંસ્કૃતિનું દુગ્ધપાન કરી શિલ્પે પોતાનું સૌંદર્ય વિસ્તાર્યું હતું એવી એવી ઘણી બાબતો હજી અંધારામાં રહી જવા પામી છે. જૈન સંઘને વિવિધ રાજકીય તેમજ આર્થિક કારણોને લીધે ઘણીવાર સ્થાનપલટાં કરવાં પડ્યાં છે. એક વૃક્ષના થડમાંથી જેમ અનેક શાખાઓ–ડાળીઓ ફુટે તેમ જૈન સંઘ ભારતવર્ષના જુદા જુદા દેશોમાં ફેલાયો હતો. જુદા પડવા છતાં જૈન સંઘે પોતાની સંસ્કૃતિના પ્રાણવેગને કદાપિ પણ ક્ષીણ થવા દીધો નથી. જ્યાં જ્યાં જૈન તપસ્વીઓ કે જૈન ઉપાસકો ગયા છે ત્યાં ત્યાં તેમણે પોતાની સભ્યતાનો શાંતિપૂર્વક પ્રચાર કર્યો છે. પોતાથી જુદી પડતી સભ્યતાઓને, ક્રમે ક્રમે પોતામાં પચાવી છે.

ભયંકર દુકાળને લીધે કેટલાક જૈન મુનિઓને દક્ષિણ તરફ જવાની જરૂર પડી એ પ્રકારનો ઐતિહાસિક ઉલ્લેખ આપણા શાસ્ત્રોમાં છે, પણ જૈન સાધુઓએ, દક્ષિણમાં ગયા પછી ત્યાં જૈન સંસ્કૃતિનો કઇ રીતે પ્રચાર કર્યો ? દક્ષિણની લોકભાષાની કેવી સેવા કરી ? અને ક્રમે ક્રમે રાજ્યાશ્રય મેળવી કેટકેટલાં મંદિરો–મઠો અને વિદ્યાપીઠો નિર્માવ્યાં ? તે આપણે નથી જાણતાં. દક્ષિણમાં એવી શાખા ભલે જુદી પડી પણ એમાં જૈનત્વનો જ પ્રાણવેગ વહેતો હતો એ વાત ભવેસરથી કહેવાની જરૂર નથી.

તામિલ એ દક્ષિણની મુખ્ય લોકભાષાઓ પૈકીની એક મુખ્ય ભાષા છે. આ ભાષાના વિકાસનો પ્રતિહાસ આ લેખમાં શ્રી વસંતકુમુર ચટ્ટોપાધ્યાય નામના એક વિદ્વાન, જૈન સાહિત્યને ઘણું સારૂં–ઉચ્ચ સ્થાન આપે છે. તેઓ કહે છે:

“ખૃષ્ટીય આઠમા શતકથી બારમા શતક સુધી દાક્ષિણાત્યમાં જૈનોનો “સવિશેષ પ્રાદુર્ભાવ દેખાય છે. જૈનોના પ્રતાપે પાંડ્ય અથવા તામિલ દેશમાં ચાર–ચાર સૈકાઓ કરતાં પણ વધુ વખત લગી સાહિત્યસેવા ચાલુ રહી. પ્રાચીન સમયમાં મદુરા શહેરમાં એક જૈન વિશ્વવિદ્યાલય . પણ હતું. આ વિશ્વવિદ્યાલયે ઘણા તામિલકાવ્યો અને જૈન ધર્મગ્રંથોનો પ્રચાર કર્યો હતો. જૈન તામિલ સાહિત્ય ઉપર સામાન્ય પણે સંસ્કૃતનો ખૂબ પ્રભાવ પડ્યો હતો. તો પણ એણે તામિલ સાહિત્યમાં એક વિશેષતા ઉમેરી હતી. નીતિ સાહિત્યમાં એ મૌલિકતા દેખાઇ આવે છે. જે કોઇ પાશ્ચાત્ય પંડિત, તામિલસાહિત્યનો અભ્યાસ કરે છે તે કહે છે કે સંસ્કૃત કરતાં પણ તામિલસાહિત્ય એ વિષયમાં વધુ સમૃદ્ધ છે.”

વાસ્તવિક રીતે તો જૈનસાહિત્ય એ કરતાં પણ વધુ પ્રાચીન હોવું જોઇએ, પરંતુ ઉપરોક્ત લેખક કહે છે તેમ આઠમા શતક પહેલાંના સાહિત્યનો બરાબર પત્તો નથી લાગતો. પ્રાચીન સાહિત્ય બધું “અગસ્ત્ય” નામના ઋષિના ખાતે જ ચડ્યું છે. અગસ્ત્યઋષિના નામથી ઘણા લેખકોએ કાવ્યસાહિત્ય યોજ્યાં હતાં અને તે આજે પણ મોજુદ છે.

જૈનસાહિત્ય–મહારથીઓની સેવાનો ઉલ્લેખ કરતાં એ જ પંડિત ઉમેરે છે:

“તિરૂવલ્લુવરે રચેલો એક નીતિશાસ્ત્રનો કિંવા પુરૂષાર્થની પ્રેરણા આપતો ગ્રંથ તામિલમાં ખાસ નામાંકિત છે. એમાં ધર્મ, અર્થ, કામ એ ત્રણ પ્રકારના પુરૂષાર્થ વિષે સૂત્રાત્મક વિવેચન છે. આના કરતાં વધુ પ્રાચીન ગ્રંથ ઉપલબ્ધ નથી. જૈન ધર્મના મૂળ મંત્ર–અહિંસા ધર્મ ઉપર જ આ ગ્રંથનો પાયો છે. સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવના રાખવી એ ગ્રંથનું મુખ્ય સૂત્ર છે.”

દક્ષિણમાં, પાછળથી શ્રી રામાનુજાચાર્ય તથા શંકરાચાર્યનું ખૂબ જોર જામ્યું હતું. પણ આ પ્રાચીન ગ્રંથમાં એ બે પૈકી એક આચાર્યની સીધી કે આડકતરી અસર દેખાતી નથી.

નાલડિયાર, એવી જ જાતનો એક પ્રાચીન ગ્રંથ છે. એનો અર્થ ચતુષ્પદી જેવો થાય છે. એમાં પણ ધર્મ, અર્થ અને કામનો વિષય ચર્ચવામાં આવ્યો છે.

( અનુસંધાન જુઓ પૃષ્ઠ ૭૬ મું. )

# તરુણ જૈન.

તા. ૧-૧૨-૩૬


## કન્યા ગુરૂકુળ.

આપણા સમાજમાં શિક્ષણ માટે છોકરાઓની જેટલી કાળજી રાખવામાં આવે છે તેટલી કાળજી કન્યાઓ માટે ભાગ્યે જ લેવામાં આવે છે. છોકરાઓ માટે સ્થળે સ્થળે છાત્રાલયો, ગુરૂકુળો વગેરે નજરે પડે છે, જ્યારે છોકરીઓ માટે એક પણ એવી સંસ્થા જાહેરમાં હોય હેમ જણાયું નથી. કન્યાઓના શિક્ષણ માટે આપણે બેદરકાર છીએ એ બાબત ઇષ્ટ નથી. કારણકે આજની કન્યા આવતી કાલે માતા બનવાની છે. ત્હેનામાં સુસંસ્કારો અને શિક્ષણ હશે તો ત્હેના બાળકોને તે વારસો મળશે. બાળકોનાં જીવન ઘડતરમાં માતાનો હિસ્સો મોટો હોય છે.

શિક્ષણ વગર કોઇ પણ રાષ્ટ્ર, સમાજ કે કોમ ઉન્નતિ સાધી શકતી જ નથી. અને ત્હેમાં પણ સર્વદેશીય ઉન્નતિ સાધવી હોય તો કન્યા કેળવણીની ખૂબ જરૂરત છે. જો કે આજે મ્યુનિસિપલ કન્યાશાળાઓમાં અને કોલેજોમાં શિક્ષણ આપવામાં આવે છે, પરંતુ ત્હેમાં ખૂબ ખામી છે. એ કન્યાઓ જો ઉંચી કેળવણી લે છે, તો સમાજની સાથે રહેવું ત્હેને માટે મુશ્કેલ બને છે અને જો અધૂરી કેળવણી લે તો શિક્ષણનો અર્થ સરતો નથી એટલે ત્હેને માટે કોઈ એવા ધોરણ ઉપર શિક્ષણનો કાર્યક્રમ યોજાવો જોઇએ કે ત્હેના જીવનમાં કોઈ પણ જાતની મુશ્કેલી નડે નહિ અને પોતાની ઉન્નતિ સાધી સમાજને પણ પ્રગતિ તરફ વેગ આપે.

પ્રગતિમાન સમાજો તરફ આપણે જો જરા નજર દોડાવીશું તો આપણને શિક્ષણ માટે ખૂબ શિખવાનું મળશે. ત્યાં છોકરાઓ માટે જેટલી શિક્ષણની કાળજી રખાય છે તેટલી જ કાળજી કન્યાઓ માટે પણ રખાય છે. છોકરાઓને જે જાતનું શિક્ષણ મળે છે તેવું જ છોકરીઓને પણ શિક્ષણ આપવામાં આવે છે. તદુપરાંત વ્યવહારિક એટલે કે ગૃહ-કાર્ય, પાકશાસ્ત્ર, ભરત, શીવણગુંથણ અને સ્વરક્ષણ માટેની તાલીમ પણ અપાય છે. આવી કન્યાઓ જ્યારે યોગ્ય ઉંમ-રમાં આવે છે ત્યારે ગમે તેવા સંયોગોની સ્હામે થવાની ત્હેનામાં તાકાત હોય છે. તે કોઇથીએ ડરતી નથી. અને પોતાના આત્મવિશ્વાસથી આગળ અને આગળ ધપતી જાય છે. આર્ય સમાજની કન્યાકેળવણી માટે પ્રખ્યાત સંસ્થા “આર્યકન્યા મહાવિદ્યાલય” વડોદરાની આ વર્ષે સ્નાતિકા થયેલી બ્હેનોનું મંડળ મુંબઈ ખાતે આવ્યું હતું અને ત્હેમના વિવિધ પ્રકારના સંગીત, ગરબા, વ્યાયામ, ધનુષ્ય-બાણ, છુરા, તલવાર, ભાલા, બંદુક અને વ્યાખ્યાનો માટે હમણાં મુંબઈમાં એક ભરચક કાર્યક્રમ યોજાયો હતો. ત્હેમાં સ્નાતિકા બ્હેનોના પ્રયોગો જોઇ મુંબઈની જનતા મુગ્ધ બની હતી. આપણી બ્હેનોને જો આ જાતનું શિક્ષણ આપવામાં આવે, બાળપણથી જ ત્હેમને જો વ્યાયામ અને સ્વરક્ષણની તાલીમ આપવામાં આવે તો આજે જે શારીરિક કંગાલીઅ-તતા અને ભીરુતા દેખાય છે તે અદ્રશ્ય થઈ જાય. સ્થળે સ્થળે ગુંડાઓના અત્યાચારોની ભોગ બનતી બ્હેનો ત્હેવા ગુંડાઓને છક્કડ ખવરાવી ત્હેને નશ્યત આપી શકે, એટલું જ નહિ, પરંતુ અત્યારની જે પરાધીન દશા તે ભોગવે છે. પતિ સાથેના અને પતિ વિહોણા જીવનમાં ત્હેને માથે જે સાઠમારીઓ ચાલે છે તે અવશ્ય દૂર થાય.

અમે એમ કહેવા માગતા નથી કે આર્યકન્યા મહા-વિદ્યાલયની સ્નાતિકા બ્હેનોની માફક જ આપણી કન્યાઓને પણ ધનુષ્યબાણનું, સંસ્કૃત સાહિત્યનું કે તે વિદ્યાલયમાં જે જાતનું શિક્ષણ આપવામાં આવે છે એ જ જાતનું શિક્ષણ અપાવું જોઇએ. પરંતુ સ્વરક્ષણ પૂરતું લાઠી કે શસ્ત્રનું જ્ઞાન, આરોગ્ય પૂરતું વ્યાયામનું શિક્ષણ અને ગૃહકાર્ય માટે પાકશાસ્ત્રમાં પ્રવીણતા, ભરત, શીવણ, ગુંથણ, સંગીત અને વ્યવહાર પૂરતું ભાષા અને અક્ષરજ્ઞાન, એટલી બાબતો જરૂરી છે. આ જાતના શિક્ષણ માટે એક કન્યા ગુરૂકુળની આવશ્યકતા છે.

જો કે આવી સંસ્થામાં મા-બાપો પોતાની કન્યાને શિક્ષણ માટે મોકલે કે કેમ ? એ એક પ્રશ્ન છે. છતાં પ્રયત્ન કરવામાં આવે તો એવી ઘણી કન્યાઓ મળી આવે. શરૂઆતમાં છોકરાઓની સંસ્થામાં પણ મા-બાપો પોતાના છોકરાઓને મોકલતા વિચારતા હતા. પરંતુ અત્યારે તે પરિસ્થિતિ નથી.

પ્રશ્ન માત્ર એટલો જ રહે છે કે કન્યા ગુરૂકુળ માટે ફંડ ક્યાંથી લાવવું ? આપણો સમાજ છોકરાઓની શિક્ષણ સંસ્થાઓ પાછળ લગભગ બે લાખ રૂપીઆ પ્રતિવર્ષ ખર્ચ કરે છે. એવો અડસટો કાઢવામાં આવ્યો છે. જે સમાજ છોકરાઓના શિક્ષણ પાછળ પ્રતિવર્ષ બે લાખ ખર્ચી શકે છે તે શું છોકરીઓનાં શિક્ષણ માટે દશ વીશ હજાર જેવી રકમ ન ખર્ચી શકે ? એ બનવા જોગ નથી, પરંતુ તે તરફ લક્ષ્ય ખેંચવાની જરૂર છે. આપણે ત્યાં અનેક દાન-વીરો છે ત્હેમના લક્ષ્યમાં એ વાત ઠસાવવામાં આવે તો દાનનો પ્રવાહ જે નિરર્થક રીતે વહી રહ્યો છે તે છોકરીઓની શિક્ષણ સંસ્થા તરફ વાળી શકાય અને આદર્શ એક કન્યા ગુરૂકુળ ઉભું કરી શકાય.

અમે ઇચ્છીએ છીએ સમાજના માન્ય નેતાઓ પોતાનું લક્ષ્ય કન્યા કેળવણી તરફ કેંદ્રિત કરી કન્યા ગુરૂકુળ ઉભું કરે, અને તે દ્વારા કન્યાઓને સમુચિત કેળવણી આપી ત્હેના આશીર્વાદ મેળવે.

(3)



# શ્રી જૈન સ્વયંસેવક મંડળની સેવા.

**કાર્તિક પૂર્ણિમા.**

આ પૂર્ણિમાને દિને સિદ્ધાચલની યાત્રાનો મહિમા બહુ મોટો માનવામાં આવ્યો છે. એટલે સ્થળે સ્થળે સિદ્ધાચળના પટ બાંધવામાં આવે છે મુંબઈમાં દરસાલ ભાયખલા આદીશ્વર ભગવાનના મંદિરમાં એ પટ બંધાય છે. અને મુંબઈના લગભગ તમામ જૈનો એ પટના દર્શન કરી કૃતકૃત્ય થાય છે. પરંતુ આસાલ કોમી ઝુલ્લડને અંગે ભાયખલાનો રસ્તો જોખમભર્યો બન્યો હતો, કોઈ પણ જૈન ભયંકર મુસ્લીમ લત્તાઓમાંથી પસાર થઈ ભાયખલાના દર્શન કરવા જાય એ બનવા જોગ ન હતું. તે માટે મુંબઈ જૈન સ્વયંસેવક મંડળના કાર્યવાહકો શ્રી હીરાભાઈ મલબારી, શ્રી મણીલાલ જેમલ શેઠ, ગુલાબચંદ જેઠાભાઈ વગેરે એ મુંબઈની જનતા દરવર્ષે ભાયખલે જાય છે તેમ આ વર્ષે પણ ભાયખલા જાય તે માટે મોટરબસની સગવડ કરી હતી. સ્વયંસેવક મંડળ તરફથી હેંડબીલો તથા દૈનિક પેપરોદ્વારા તેની આગલે દિવસે ખૂબ જાહેરાત કરી હતી. અને કોઈનીયે સલામતી જોખમાય નહિ તે માટે મુંબઈના પોલિસ કમિશ્નર સાહેબ પાસેથી પોલિસની મદદ માગી હતી. તેમજ પાયધુનીથી ભાયખાલા સુધી પોલિસનો યોગ્ય પ્રબંધ કરવાની અપીલ કરી હતી, તે પ્રમાણે આખે રસ્તે પોલિસનો મજબૂત બંદોબસ્ત રખ્યો હતો. ને મોટરબસમાં દરેક માણસોને ફ્રી લઈજવામાં આવતાં હતાં. પાંચ મોટરબસોનો આ રીતે ઉપયોગ કરવામાં આવ્યો હતો. અને સ્હવારના આઠથી સાંજના ૭ સુધી તેણે સર્વિસ આપી હતી. હજારો ભાઈઓએ તેનો લાભ લીધો હતો. દરેક મોટરબસમાં બે પોલિસ અને બે સ્વયંસેવકો વ્યવસ્થા જાળવતા હતા. અને એ રીતે આખો યે રસ્તો સલામત બનાવી જૈનજનતાના આશીર્વાદ મેળવ્યા હતા. પરંતુ આપણા લોકોમાં શિષ્ટતાની બહુજ ખામી છે. જરાયે ધીરજ નથી, અને ધક્કામુક્કી કરી ધમાધમ કરીએ છીએ એ વસ્તુ બરાબર નથી. કેટલાક ભાનભૂલા બંધુઓએ સ્વયંસેવક બંધુઓ ઉપર આક્ષેપ કરવા લાગી જાય છે. આ ભાઈઓ સેવાનું અપમાન કરે છે એમ અમને જણાય છે. બીજા સમાજોમાં જ્યારે આવા પ્રસંગો આવે છે ત્યારે કેટલી શિષ્ટતા અને સભ્યતા દાખવે છે. જૈન સમાજે પણ સભ્યતા શીખવાની ઘણી જરૂર છે. બ્હેનોની સગવડ પહેલી કરવામાં આવતી હતી તેમાં પણ કેટલાક ભાઈઓ મનમાં આવે તેમ બોલતા હતા. જો કે સ્વયંસેવક બંધુઓ તો કેળવાયેલા હોઈને તેમને તેવા બોલોની કશી કિંમત નહતી. પરંતુ એ રીતે વર્તવામાં આપણી ખાનદાની નથી. કોઈ ભાઈઓ સમાજ માટે કાંઈ સગવડ કરી આપે તો તે સગવડનો લાભ આપણે ધીરજથી લેવો જોઈએ. અને શિષ્ટતા જળવાય તે માટે આપણે દરેક જાતનો સહકાર આપવો જોઈએ. તોજ સગવડ કરનાર ભાઈઓને ઉત્સાહ વધે અને તેમાંજ આપણી શોભા છે. જૈન જનતા એ બાબત ક્યારે સમજશે?

'ભિખારીના કારણે' પૃષ્ઠ ૭૪ નું ચાલુ.

આવતો અને ચાર–પાંચ રૂપીયા આપી જતો. એ બધા પૈસા મારી સાસુજી લઈ લેતાં હતાં અને મારા પતિદેવ મોજ ઉડાવતા હતા. આમ એકાદ વર્ષ ચાલ્યું ને તે છોકરો આવતો બંધ થયો. તેની સ્થિતિ કંગાલ બની હતી એટલે જીવી એ કહ્યું કે ચાલો આપણે++ શહેરમાં જઈએ, ત્યાં મારે ઘણી ઓળખાણ છે. ધંધો સારો ચાલશે. હું, મારી સાસુજી, મારા પતિદેવ ને જીવી એમ અમે ચારેજણાં+++ શહેરમાં આવ્યાં ત્યાં એક સારા લત્તામાં મકાન ભાડે લઈ રહ્યાં. જીવી એકાદ બે ગ્રાહક રોજ લાવતી હતી અને અમે સુખચેનમાં રહેતાં હતાં. આમ આઠેક મહિના ચાલ્યું હશે. ત્યાં મારી સાસુજીને હાર્ટફેઈલ લાગુ પડ્યો ને ફાની દુનિયાનો ત્યાગ કરી ગયા. પછી તો હું સ્વતંત્ર થઈ. મારો પતિ મને કશું કહેતો નહિ. શહેરી જીવનના મોહમાં અંજાઈ હું તણાવા લાગી, સેન્ટ–લવંડર–અત્તર–પાવડર વગેરેમાં આવક્નું પાણી કરવા લાગી. જીવીને પણ કાઢી મૂકી ને સ્વતંત્ર રહેવા લાગી. સાંજના રોજ હું ટેક્ષીઓમાં ફરતી અને લહિમર્દનોને આકર્ષતી. આમ બે ત્રણ વર્ષ નિકળી ગયાં એ અરસામાં મને ચેપી રોગ લાગુ પડ્યો. હું દિવસે દિવસે સુકાવા લાગી. મારું યૌવન નષ્ટ થયું. મારામાં કશું રહ્યું નહિ ત્યારે મારા પતિએ મને ત્યજી દીધી. તે ક્યાંક જતા રહ્યા. હું સમાજ ઉપર અને મારી જાત ઉપર ધીટકાર વરસાવવા લાગી. હવે તો મારું શરીર હાડપિંજર જ રહ્યું છે. રસ્તાના રઝળતા ભીખારીની જેમ હું ભીખ માંગી મારું ગુજરાન ચલાવવા લાગી. તેમાં એક દિવસ મ્હને ખૂબ તાવ આવ્યો. હું રસ્તાની ફુટપાથ ઉપર પડી હતી ત્યાંથી કોઈ પરોપકારી પુરૂષે મને હોસ્પિટલમાં પહોંચાડી, આજે હું મારાં દુઃખોનો પશ્ચાતાપ કરતી અને મને એ સ્થિતિમાં મુકનારા પુરૂષ સમાજ ઉપર ફિટકાર વરસાવતી હોસ્પિટલના ખાટલા ઉપર પડી છું. મારું જીવન તો હવે ખલાસ થવા આવ્યું છે પરંતુ મારી બીજી બ્હેનોને સૂચવું છું કે–તમારી છોકરીનાં બાળપણમાં કદિ લગ્ન કરશો નહિ. જ્યારે તે ઉમ્મર લાયક થાય ત્યારે કોઈ યોગ્ય વરને કે જે જવાબદારી અદા કરી શકે તેવો હોય તેની સાથે જ લગ્ન કરજો. અને જેમ બને તેમ તેના ઉપર સાદાઈના સંસ્કારો નાખજો કે જેથી તેનું નૈતિક જીવન ઉચ્ચ બને. કુલીનશાહીના ખપ્પરમાં બાળાને હોમશો નહિ.

**જૈનો અને કલહ–વિગ્રહ:**—એ શબ્દ પ્રયોગનો મેળ જ ક્યાં બેસે છે? કેટલું એ અયુક્ત છે? યુવકો અને નવી પ્રજાનાં માનસ અને વીર્યશક્તિ કયે પંથે વહી રહ્યાં છે? એની જે ભૂખ છે, જિજ્ઞાસા છે, તે સંયમધારી અને તપોધની પૂજ્ય પુરૂષો નહિ સંતોષી શકે તો કોણ સંતોષશે? આવી ધર્મ પ્રતિહાસનું મુખપૃષ્ઠ કેવું અને કઈ જાતનું ચીતરવું એ કોની પીંછી અને કળા ઉપર ખાસ આધાર રાખે છે? જૈન સંસ્કૃતિ સમસ્ત જગતનો ઉજાશ અને અનોખું આદર્શ છે, એમાં સર્વ વર્ગોનું, બધાં દળોનું હિત સમાયું છે. એ સાચી સંસ્કૃતિની લગન આપણી હાડોહાડ ક્યારે લાગશે? હનુમાનના રોમરોમમાં રામ હતું. આપણા રોમે રોમે સત્ય અને સમતા ક્યારે આવશે.

—સંતબાલ.

# જૈન સમાજની એક આદર્શ શિક્ષણ સંસ્થા.

શ્રી વીરતત્વ પ્રકાશક મંડળ. શિવપુરી (ગ્વાલિયર)

( એક પરિચય )

**સંસ્થાપક**—પ્રાચિન ભારતીય સંસ્કૃતિ અને સભ્યતાના મહાન ઉપાસક જૈન સાહિત્ય અને ધર્મનું મહત્વ દેશાન્તરોમાં ફેલાવનાર તથા યુરોપીયન ઉચ્ચ વિદ્વાનોને જૈન ધર્મનું મહત્વ સમજાવી જીવદયા અને જૈન ધર્મની સેવાનાં અનેક કાર્યો કરાવનાર સ્વ: શાસ્ત્ર વિશારદ જૈનાચાર્ય શ્રીવિજયધર્મ સૂરિશ્વરજી મહારાજના સદુપદેશથી અને શેઠ લક્ષ્મીચંદજી બેદના પ્રયત્નથી આજથી સત્તર વરસ પહેલા ઉપરોક્ત સંસ્થા મુંબઇમાં સ્થાપન કરવામાં આવી હતી.

**સંસ્થાનો ઉદાર ઉદ્દેશ**:—કોઈ પણ ગચ્છ કે સંપ્રદાયનો ભેદ રાખ્યા સિવાય જૈન શ્વે. મૂર્તિ પૂજક સમાજમાં સત્ય ધર્મતત્વોનો પ્રચાર કરનારા ત્યાગની ભાવનાવાળા સદાચારી અને વકતૃત્વ તથા લેખન કળા ધરાવનારા એવા ઉપદેશકો વિદ્વાનો સંચાલકો—તૈયાર કરવા એ આ સંસ્થાનો મૂળથી જ ઉદ્દેશ રખાયો છે. અને તેહની પૂર્તિ માટે યથાયોગ્ય પ્રયત્ન કરવામાં આવે છે.

**બે વિભાગો**:—આ સંસ્થાને અંગે મુખ્ય બે વિભાગો રાખવામાં આવ્યા છે.

૧. છાત્રાલય અને શિક્ષણાલય:—છાત્રાલય વિભાગમાં સંસ્થાના સ્થાપક સ્વર્ગસ્થ આચાર્યશ્રીની ઉદાર ભાવનાને માન્ય રાખી ગરીબ કે ધનાઢય સૌ કોઇને એકજ સરખીરીતે રાખવામાં આવે છે. અને તેઓને ખાન–પાન પુસ્તક સ્ટેશનરી કપડાં અને બીજી બધીએ આવશ્યક વસ્તુઓ સંસ્થા તરફથી પુરી પાડવામાં આવે છે.

૨. શિક્ષણાલયમાં બે વિભાગો છે. વિદ્યાલય અને મહા વિદ્યાલય વિદ્યાલય વિભાગનો પાઠયક્રમ (કોર્સ ૭/૬) વરસનો છે. તેમાં પહેલાં ત્રણ વર્ષમાં ધાર્મિક હિન્દી–ગુજરાતી–સંસ્કૃત–અંગ્રેજી અને ગણીત શીખવવામાં આવે છે. બીજા ત્રણ વરસમાં ધાર્મિક સંસ્કૃત અને અંગ્રેજી એ ત્રણ વિષયો શીખવવામાં આવે છે. આ ઉપરાંત ઇતિહાસ ભુગોળ વકતૃત્વ અને લેખન વગેરે ઐચ્છિક વિષયો પણ રાખવામાં આવ્યા છે. મહાવિદ્યાલયનો પાઠયક્રમ ત્રણ વરસનો છે. તેમાં ઉચ્ચ કોટીનું સંસ્કૃત એટલે ન્યાય વ્યાકરણ સાહિત્ય જૈન દર્શન અને ષટ દર્શનનું તુલનાત્મક જ્ઞાન પણ અપાય છે. ઉપરાંત અંગ્રેજીમાં–મેટ્રીકની યોગ્યતાસુધીનું જ્ઞાન અપાય છે. જો કોઇ વિદ્યાર્થી મેટ્રીકની પરીક્ષા આપવા ચાહે તો એક વરસ રહી મેટ્રીકની પરીક્ષા પણ સંસ્થા તરફથી અલ્હાબાદ, હિન્દુ યુનીવરસીટી બનારસ વગેરે સ્થળે આપી શકાય છે.

**ઔદ્યોગિક શિક્ષણ**:—સંસ્થામાં ઔદ્યોગિક શિક્ષણનો પ્રબંધ કરવામાં આવ્યો છે. તેમાં અત્યારે તો ખાસ કરીને ટાઇપરાઇટીંગ, બુક બાઇંડીંગ, શીવણ ઇલેકટ્રીક અને સંગીત એ વિષયો રૂચીપૂર્વક શીખવવામાં આવે છે.

**વકતૃત્વ કળા**:—ઉપરોકત સંસ્થામાં વિદ્યાર્થીઓની વકતૃત્વ કળા ખીલે, તે માટે વકતૃત્વ ક્લાસની પણ યોજના કરવામાં આવી છે.

**બૌદ્ધિક અને શારીરિક વિકાસ**:—વિદ્યાર્થીઓનો વિશ્વનું જ્ઞાન વધતું રહે. અને વર્તમાન પરિસ્થિતિથી વાકેફ થતા રહે તે માટે ઉપયોગી પુસ્તકાલય પણ રાખવામાં આવ્યું છે. શારીરિક વિકાસ માટે વ્યાયામશાળા રાખવામાં આવી છે. તેમાં કુસ્તી, મગદળ, ડંબેલ્સ, આસન, ઉઠબેઠ, દંડ ઉપરાંત ખોખો, કબડ્ડી, દડ, શટલ, ફુટબોલ વિગેરે વિનોદી રમતો રમાડવામાં આવે છે.

**સંસ્કૃતનું સેન્ટર**:—આ સંસ્થાને કલકત્તા યુનિવરસીટીએ શ્રી બેંગાલ સંસ્કૃત એસોસીએશનના કેન્દ્ર તરીકે સન ૧૯૨૮ થી મુકરર કર્યું છે. અહિં પ્રથમા અને મધ્યમા બે પરીક્ષાઓ થાય છે. તેમાં સંસ્થાના વિદ્યાર્થીઓ ઉપરાંત બહારના વિદ્યાર્થીઓ પણ પરિક્ષા આપવા આવે છે. અને તેમને માટે ભોજનાદિનો ફ્રી બંદોબસ્ત કરવામાં આવે છે.

**યુરોપીયન વિદ્વાનોનું આકર્ષણ**:—

આ સંસ્થામાં પાશ્ચાત્ય વિદ્વાનો પણ શોધખોળ અને મુલાકાત માટે આવે છે, કારણ કે તે જૈન સંસ્કૃત કોલેજના નામે ઇંગ્લાંડ જર્મની, અમેરિકા, ઇટલી ઇત્યાદિ દેશોમાં સુપ્રસિદ્ધ છે. તેમાં પાશ્ચાત્ય ૨૪ વિદ્વાનો અભ્યાસ કરી ગયા છે. જેમાનાં મુખ્ય જર્મનીના વિદ્વાન ડૉ. આલ્સડાર્ફ સાહેબ બર્લીન (જર્મની) મ્યુઝીયમના કયુરેટર ડૉ. વાલ્ડ સ્મીત અને અમેરિકાની વિદુષી ડૉ. મીસ જ્હોન્સને આ સંસ્થામાં રહીને જૈન તીર્થંકરો ને પુજ્ય મહાન પુરૂષોના ચરિત્રનો અનુવાદ કરી સારી સેવા બજાવી છે. જે હમણાં જ પ્રગટ થયેલ છે. પેન્સીલ્વેનિયા (અમેરીકાની) યુનીવરસીટીના પ્રોફેસર ડૉ. બ્રોને આ સંસ્થામાં રહી "ધી સ્ટોરી ઓફ કાલકા" નામના પ્રાચીન ગ્રંથ ઉપર સંશોધન કરી તે પુસ્તકને આ સંસ્થામાં જ તૈયાર કરી પાછળથી પ્રગટ કર્યું છે.

**સંસ્થાની પ્રગતિ**:—

પ્રોફેસર ડોકટર બ્રોને અમેરિકા જઇ "ધી સ્ટોરી ઓફ કાલકા" નીસ્લાઇડો તૈયાર કરી ૧૯૩૫ માં હિન્દની મુસાફરી વખતે સર્વ ઠેકાણે બતાવી હતી. એ રીતે ઉપરોકત સંસ્થા જેમ પાશ્ચાત્ય વિદ્વાનોને આકર્ષી શકી છે તેમ આ દેશના વિદ્વાનો અને મહાપુરૂષો જેવાકે શ્રી રવિન્દ્રનાથ ટાગોર પંડીત મદન મોહન માલવીયા અને કેટલાક આર્ય સમાજીસ્ટ સ્વામીઓને પણ આકર્ષ્યા હતા. લીપઝીગ યુનીવરસીટી આસીસ્ટંટ સંસ્કૃત પ્રોફેસર મીસ ડૉ. કૌઝે (સુભદ્રા દેવી) પી. એચ. ડી. એ. ઉપરોકત સંસ્થામાં રહી ભારતીય સાહિત્ય વિશારદની પદવી પ્રાપ્ત કરેલ છે.

**અભ્યાસક્રમ**:—

સંસ્થાનો અભ્યાસક્રમ બીલકુલ સ્વતંત્ર છે. જેમાં અત્યારેનું અપ્રિય થઇ પડેલું કે વિદ્યાર્થીઓને ફકત કલાર્ક બનાવવા માટેનું શિક્ષણ અપાતું નથી પરંતુ રાષ્ટ્ર ધર્મ અને સમાજને ઉપયોગી નિવડે તેવો જ અભ્યાસક્રમ યોજયો છે.

# કોઈ કહે તો— માનશો નહિ—

—કે શ્રી રામચંદ્રસૂરિ અને શ્રી સાગરાનંદસૂરિ પરસ્પરના ઝઘડામાં લવાદ તરીકે શ્રી પરમાનંદ કાપડીઆને નિમ્યા છે.

❖ ❖ ❖

—કે શ્રી ચીમનલાલ કડીઆ કાર્તિકી અમાસે ઉજમફઇની ધર્મશાળામાં મુનિશ્રી દુર્લભવિજયજી પાસે દીક્ષા લેવાના છે.

❖ ❖ ❖

—કે શ્રી નેમિવિજયજીએ કદમ્બગીરી પર ચોડાવેલી તકતીમાં બે જુની કલમો રદ કરીને નીચેની કલમો ઉમેરી છે.

અસ્પૃશ્યો અમારા બંધવો જ છે એટલે એઓ અને કોઇ પણ જાતનો ગમે તે હિન્દુ આ મંદિરમાં પ્રવેશી શકશે.

ચાલી આવેલી પ્રણાલિકામાં ફેરફાર આવશ્યક છે અને નવા વિચાર કરનારને પ્રતિનિધિપણામાં ખાસ હકક આપવામાં આવશે.

❖ ❖ ❖

—કે નવા વર્ષે શ્રી સાકરચંદ માણેકચંદ ધડીઆળીએ દહિંદુખાના નીતિદ્વારાજ સમાજમાં પોતાનું સ્થાન તરતું રાખવાની દઢ પ્રતિજ્ઞા લીધી છે.

❖ ❖ ❖

—કે ટ્રસ્ટ એકટથી ડરી જઇને જૈનધર્માદા ફંડોની કેટલાક ટ્રસ્ટીઓએ હવે ગોલમાલ કરવી બંધ કરી છે.

❖ ❖ ❖

—કે નાશી ગએલા શિષ્યને પોતાની આત્મકથા જાહેર કરવાની મુનિશ્રી લબ્ધિવિજયજીએ મના કરી છે.

❖ ❖ ❖

—કે પશ્ચાત્તાપ માટે શ્રી કસ્તુરભાઇ નગરશેઠ સમવડ ભળે તો વિલાયતની યાત્રા કરવા આ ઉન્હાળે રવાના થવાના છે.

❖ ❖ ❖

—કે યંગમેન્સ જૈન સોસાયટી પડેલા હાથ ઉભા કરવાનાં સ્વપ્નાં સેવે છે.

❖ ❖ ❖

—કે પાલણપુરવાળા શ્રી મણીલાલ ખુશાલચંદ પરીખે 'લાઇસાઇ' તરુણજૈન સાથે ધર્મયુદ્ધ કરવા શસ્ત્રો ને સૈનિકો જમાવવા માંડયા છે. અને સૈનિકોની સંખ્યા બે સુધી પહોંચી છે.

—કે શ્રી જૈન શ્વે. કોન્ફરન્સની નિષ્ક્રિયતા જૈનયુવકસંઘ અને સોસાયટીને આભારી છે. એમ જાહેર કર્યા પછી, શ્રી મોહનલાલ-દી. ચોકસી કોન્ફરન્સને નિર્વીર્યતા મીટાવવા દંડ પીલવાની જરૂરીઆત ઉપર આવતા અધિવેશનમાં ઉપદેશ દેવાના છે.

❖ ❖ ❖

—કે યમદૂત ખાસ સતકારચીઠ્ઠી લઇ મુનિજનક વિજય કને ગયો હતો પણ એમણે એવું જણાવી આમંત્રણ અસ્વીકાર્યું છે કે 'શ્રી પરમાનંદના ભાષણની તટસ્થ સમિક્ષા કરવાની મ્હારે હજુ બાકી છે અને એ દ્વારા ગાળોના મસાલા સાથે ખીજનો ખીચડો શી રીતે બનાવી શકાય એ હું મુનિરાજોને બતાવી જૈન સમાજની સેવા કરવાનો છું. આશા રાખું છું કે હાલ મ્હને યમરાજ ચીઠ્ઠીક સેવા કરવા તક આપે.'

❖ ❖ ❖

—કે 'જૈનધર્મ'ના 'જર્નલ'ને શ્રી મોહનલાલ દી. ચોકસીએ 'કમળાનો દર્દી' કહ્યાથી શ્રી સાકરચંદ માણેકચંદ ધડીઆળી પોતાની આંખો બતાવવા કોઇ ડોકટરની સલાહ લેવા ગયા હતા.

❖ ❖ ❖

—કે મુનિ શ્રી હેમેન્દ્રસાગરજીના ખુલ્લા પત્રને વાંચ્યાં પછી મહેસાણાવાળા મુનિ લક્ષ્મણવિજયજીએ ઝઘડા પ્રવૃત્તિમાંથી નિવૃત્તિ લેવાનું નક્કિ કર્યું છે.

❖ ❖ ❖

—કે કેશરિયાજી પ્રકરણમાં 'અનશન' આદરી 'પીછેહઠ' કરનાર 'કિરહોલીનેશ સુરિસમ્રાટ શાન્તિસુરિજી, જો પાલીતાણામાં ફરી ઝઘડો થાય તો કેશરીઆજી પ્રકરણની નામોશી નાબુદ કરવા અનશન આદરશે.

ઉત્સવની ઉજવણી:—ફેલ્લી પરીક્ષાનો પદ-પ્રદાનનો ઉત્સવ ગ્વાલીયર ગવર્નમેન્ટના હોમ મેમ્બર (વર્તમાન દેવાસના મહારાજા) શ્રીમાન સદાશીવરાવ ખાસે સાહેબ પધારના પ્રમુખપદે કરવામાં આવ્યો હતો. તેમાં સંસ્થાના અભ્યાસક્રમમાં સફળ થનારને પદવીઓ એનાયત કરવામાં આવી હતી. સંસ્થાના સ્વતંત્ર અભ્યાસક્રમ સિવાય કલકત્તા યુનિવરસીટીના બેંગાલ સંસ્કૃત એસોશીએશનની પદવીઓમાં વિદ્યાર્થીઓ પ્રતિવર્ષ બેસે છે. અને યુનીવર્સીટી તરફથી વ્યાકરણતીર્થ ન્યાયતીર્થ સાહિત્યતીર્થ વગેરે પદવીઓ સફલતા પુર્વક મેળવે છે

આવી એક મહાન સંસ્થાની આર્થિક સ્થિતિ સધ્ધર નહી હોવાથી દર વર્ષે મોટી ખોટમાં ઉતરવું પડતુ હતું. પરંતુ આ વરસે તેની કાર્યવાહક સમિતિમાં શેઠ જીવાભાઇ કેશરીચંદ ઉપ-પ્રમુખ તરીકે અને શેઠ કાંતિલાલ બકોરદાસ અને શેઠ રતીલાલ વાડીલાલ પુનમચંદ બંન્ને ખજાનચીઓ તરીકે ચુંટાયા હોવાથી આશા રહે છે કે એ ખોટ જરૂર પુરાશે. સાચા નાગરીકોને તૈયાર કરતી એક આવી સંસ્થાને મદદ કરવી એ પ્રત્યેક જૈનોની ફરજ થઇ પડે છે. આશા છે કે પ્રત્યેક વ્યકિત સંસ્થાને મદદ કરી પોતાની ફરજમાંથી મુક્ત થશે.

## વર્ત્તમાન.

**મહેસાણા:**—શ્રી લક્ષ્મણવિજયજી એ પોતાના લક્ષણ બતાવી પાણીદાર પ્રવચનો કર્યા હતાં અને ચૌદશીયા સાધ્વીઓ પાસે હાસ્યજનક ઠરાવ કરાવી સંઘના નામે ઠોકી બેસાડયો હતો. તેની પોલ આજે ચાલીશ ભાઇઓની સહીથી ખુલ્લી થઇ છે. તેઓ જાહેર કરે છે કે એ ઠરાવ સંઘનો નથી.

**વાણીઆનો અર્થ:**—સ્વ. શ્રી વિઠલદાસ ઠાકોરદાસના વસીયત નામામાં એક બેલાખ રૂપીઆની રકમ જુદી કાઢવામાં આવી હતી. અને તેનો ઉપયોગ ગરીબ વાણીઆઓને ભોજનાદિ માટે કરવાનું ઠરાવ્યું હતું. તેમાં એક પ્રશ્ન ઉભો થયો હતો 'વાણીયા' શબ્દમાં જૈનશ્રાવક વાણીયા આવી શકે ખરા કે ? તે સંબંધી નામદાર કોર્ટે વાણીયા શબ્દના અર્થમાં જૈન, વૈષ્ણવ, શ્રાવક કે કોઇ પણ વાણીયાનો સમાવેશ કર્યો છે.

**આંખો ક્યારે ઉઘડશે !**—જૈન સમાજમાં આજે સસ્તા ભાડાની ચાલીઓ અને હોસ્પિટલની કેટલી જરૂર છે ? છતાં શેઠ દેવકરણ મુળજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓની આંખો ઉઘડતી જ નથી. બાદશાહી સખાવતો કરનારા કરી જાય છે પણ પાછળથી જવાબદાર માણસોની બે જવાબદારીથી સમાજને તે ટ્રસ્ટોનો લાભ મળતો નથી આજે આઠ-આઠ વર્ષ થયાં છતાં ન તો ત્હેનો હિસાબ બહાર પડે છે; કે ન તો ત્હેનો કશો ઉપયોગ થાય છે. ટ્રસ્ટીઓની ફરજ છે કે ત્હેમણે જાહેર પેપરોદ્વારા ત્હેનો હિસાબ બહાર પાડી જનતાને વિશ્વાસમાં લેવી જોઇએ. 'હાઇકોર્ટ'માં હિસાબ છે' એમ કહી છટકી જવામાં જનતા છેતરાવાની નથી. જુવાનોએ આ બાબતમાં જાગૃત થઇ ટ્રસ્ટનો ઉપયોગ કરવાની ફરજ પડે તે જાતના પ્રયત્નો કરવાની આવશ્યકતા છે.

# બેકારીના કારણે.

## એક વેશ્યાની આત્મકથા.

મારૂં નામ શાંતા. બાળપણથી મ્હારૂં વેવિશાળ થયેલું. હું અને મ્હારો થનાર પતિ લગભગ સરખી ઉમ્મરના હતા. તેર વર્ષની ઉમ્મરે અમારા બંનેના લગ્ન થયાં. તે વખતે લગ્ન શું ચીજ છે, ત્હેની મારા પતિને ખબર ન હતી. એ જવાબદારીનું ત્હેમને કશું ભાન જ નહોતું અને મ્હને પણ તે પ્રસંગે કંઇ ખ્યાલ ન્હોતો કે ભવિષ્યમાં આનું પરિણામ શું આવશે ? હું લગ્ન પછી બે વર્ષ મ્હારા માબાપને ત્યાં રહી, પછી પતિગૃહે ગઇ. ત્યાં સાસુના નેતૃત્વમાં જુલ્મની ઝડીઓ વરસતી. સવારમાં પાંચવાગે મ્હને ઉઠાડવામાં આવતી હતી. અને રાતના સાસુ-સસરાની પગચંપી કરી અગીયાર વાગ્યે હું સુવા પામતી હતી. તે સમય દરમ્યાન એક મિનિટ પણ શાંતિ લીધા શિવાય ઘરકામ કરવું પડતું. કોઇક સ્થળે ભૂલ થાય તો મ્હેણા-ટુણા અને સાસુજીની ગાળ ત્હેમજ માર પણ ખાવો પડતો. આ રીતે ત્રણ વર્ષ પસાર કર્યાં. તે દરમ્યાન મ્હારા સસરાએ પરલોક પ્રયાણ કર્યું. સ્થિતિ સાધારણ હોવાથી અમે મુશ્કેલીમાં મૂકાઇ ગયાં. મ્હારા પતિદેવને તો કંઇ ગમ જ ન્હોતી. અભ્યાસ પણ પૂરતો કર્યો ન્હોતો, એટલે આજીવિકા માટે દળવા, ભરડવાનું ત્હેમજ ખાંડવાનું કામ સાસુજી લાવતાં અને હું તથા સાસુજી સાથે મળીને કરતાં. એ રીતે અમે ગુજરાન ચલાવતા હતા. મ્હારા પતિદેવને ઘરની ફીકરજ નહોતી.

અમારી બાજુમાં એક જીવી પટલાણી રહેતા હતા. ઉમ્મર તો ત્હેમની ચાલીશ વર્ષની હતી. પરંતુ શરીરનો બાંધો સારો હોવાથી તેની ઉમ્મર જણાતી નહિ. તે મ્હારી સાસુ પાસે રોજ બેસવા આવે. રામાયણ ને મહાભારતની વાતો કર્યા કરે. પછી મ્હારી દયા ખાય મ્હારી સાસુને કહે કે તમે ત્હમારી ફુલ જેવી વહુ પાસે આવું કામ કરાવશો તો તે બિચારી અકાળે કરમાઇ જશે. હજુ તો તાજું ફુલ છે ત્હેને કરમાતાં કેટલીક વાર ! તમારા છોકરાને કેમ કાંઇ કહેતા નથી. મરદ જેવો મરદ થઇને આખો દહાડો પડયો રહે અને કાંઇ કહેવામાં આવે તો બહાર ચાલ્યો જાય એ ઠીક નથી. કોઇ વખત મ્હારા પતિને પણ એ જીવી ઠપકો આપતી. આ રીતે મને ત્હેનામાં વિશ્વાસ બેઠોઃ હું ફુરસદના ટાઇમમાં તેને ત્યાં જવા લાગી અને મ્હારૂં હૃદય ત્હેની પાસે ખાલી કરવા લાગી. એક દિવસે કામ વધુ હોવાથી મને બહુ જ કંટાળો આવ્યો. મ્હારી સાસુને કહ્યું કે 'મારાથી આ કામ થતું નથી.' સાસુજી ચીડાયાં અને કહ્યું કે 'ત્યારે અહિં શું કામ આવી ? જવું તું ને કોઇ રાજરાણી થવા.' મારા પતિને પણ બહુ ઉશ્કેર્યા, ત્હેમણે મને મારઝુડ કરી. જીવી ડોશી આવ્યાં અને મ્હને છોડાવીને તેમના ત્યાં લઇ ગયાં. ત્યાં શાંત્વન આપ્યું અને પૂછ્યું કે 'ત્હારે હમણાં પીયર જવું છે ?' મ્હારે પિયરમાં માતાપિતા ગુજરી ગયા હતાં, ભાઇ એક હતો ત્હેને મ્હેં એક બે વખત કાગળ લખાવ્યા હતા પરંતુ ત્હેણે એવો જવાબ આપ્યો હતો કે પિયરમાં જવાનું કદિ દીલ થાય નહિ. મ્હેં ના પાડી, ત્હેટલામાં મ્હારા પતિ આવ્યા ને ચોટલો ઝાલીને ઘરમાં ખેંચી ગયા. ત્યાં ફરીવાર મારઝુડ કરી. હું નિઃસહાય બની. મ્હારે બધું કામ કરવું પડતું. એક વખત જીવી ડોસી મારી સાસુને મળવા અને કંઇ ખાનગી વાતચિત કરી, મારી સાસુ વિચારમાં પડયા, બીજે દિવસે મારી ઉપરનો અત્યાચાર ઓછો થયો. સાસુજી કામ પણ ઓછું લાવતા હતા. જે કંઇ લાવતાં તે પોતે જ કરતાં હતાં. હું જીવી પાસે જઇ તેનો ઉપકાર માનતી હતી. પરંતુ મને એ ખબર ન્હોતી કે ઉપકારનો ભયંકર બદલો આપવો પડશે. બે ત્રણ દિવસ એમને એમ પસાર થઇ ગયા. એક દિવસ જીવીએ કહ્યું કે ' × × × શેઠનો છોકરો બહુ સારો અને ઉદાર છે. તેણે તમને મદદ કરવાનું કહ્યું છે, હમણાં અહિં આવશે. માટે તેને દુઃખ લાગે તેવું વર્તન કરીશ નહિ.' સંસારના કાવાદાવાથી હું અજ્ઞાત હતી, મને એ ખબર ન પડી કે જીવીએ મારા નૈતિક અધઃપતનનો માર્ગ રચ્યો હતો. મને જો એ ખબર હત તો કદિ હું મદદ સ્વીકારત નહિ. મ્હેં જીવીની વાત સહર્ષ સ્વીકારી અને તેની રાહ જોતી બેઠી. લગભગ રાતના આઠનો સમય હતો. વિચારમગ્ન સ્થિતિમાં બેઠી હતી ત્યારે એ શેઠના ચીરંજીવી જીવીને ત્યાં આવ્યા. જીવીએ તેનું ખૂબ સન્માન કર્યું અને પછી કહ્યું કે બેસો. હમણાં શાંતાને તમારી પાસે મોકલું છું એમ કહી એ મ્હારી પાસે આવી અને કહ્યું કે જા હવે તારે તેને જે કહેવું હોય તે કહે. હું તેમને માટે દુધ લઇને આવું છું એમ કહી બહાર ચાલી ગઇ. હું બેધડક તેની પાસે ગઇ. તેની ઉમ્મર લગભગ બાવીશ વર્ષની હશે. દેખાવે આકર્ષક અને મોહક હતો. ત્હેણે મને આશ્વાસન આપ્યું અને કહ્યું કે તારો પતિ નામર્દ છે. જે પતિ પોતાની પત્નિનું પોષણ ન કરી શકે તે પતિ તરીકે હકકો ભોગવવાને લાયક નથી. ધર્મ અને નીતિશાસ્ત્રો એ જ કહે છે. માટે તારૂં જો હિત સાધવું હોય તો મ્હારૂં કહેવું માનવું પડશે. મ્હારા પતિ તરફ મ્હને નફરત હોવાથી મ્હેં તેની વાત માની. સંયોગોએ મને માનવાની ફરજ પાડી. તે પિશાચે મને પોતા તરફ ખેંચી. હું શરમથી કાંઇ બોલી શકી નહિ અને પછી તો તેણે વધારે છૂટ લીધી. મારૂં નૈતિક અધઃપતન થયું. તે દિવસે મને દશ રૂપીઆની નોટ આપી ચાલતો થયો. જીવી આવી, મને પૂછ્યું કેમ તને સંતોષ થયો ને ? છોકરો બહુ સારો છે, હું કશું બોલી નહિ. અને મુંગે મોઢે ત્યાંથી ઘર ગઇ. નોટ સાસુજીને આપી, સાસુજી ખુશ ખુશ થઇ ગયા. ત્યારેજ મને ખબર પડી કે જીવી કુટ્ટિની હતી. અને મારી સાસુ સાથે મળી તેણે એ કારસ્થાન ગોઠવ્યું હતું. પછી તો એ રોજ

( અનુસંધાન જુઓ પૃષ્ઠ ૭૧ મું. )

# સરાક જાતિ અને જૈન ધર્મ.

બંગાળ, બિહાર અને ઓરિસામાં એક એવી જાતિ વસે છે કે જે સરાક જાતિના નામે ઓળખાય છે. 'સરાક' શ્રાવક શબ્દનો અપભ્રંશ છે. ત્યાંની ગવર્નમેન્ટે પ્રકાશિત કરેલ સેસન્સ રિપોર્ટ અને ડીસ્ટ્રીક્ટ ગેઝેટમાં એમ જાહેર કરવામાં આવ્યું છે કે: સરાક જાતિ વસ્તુતઃ જૈન છે, તે લોકોનાં ગોત્ર, રહેણી કરણી અને આચાર-વિચાર જોઇ કોઇ પણ કહી શકે કે તે જૈનો જ છે. તેઓ માનભૂમ, વીરભૂમ, સિંહભૂમ, પુરૂલીયા, રાંચી, રાજશાહી, વર્ધમાન, બાંકુરા, મેદિનીપુર આદિ જિલ્લાઓમાં તથા ઓરિસાના કેટલાયે જિલ્લાઓમાં વસે છે. જો કે તે લોકો પોતાના વાસ્તવિક સ્વરૂપને ભૂલી ગયા છે. છતાં કુળાચારને લીધે તેઓ વત્સલાહારી છે. ધર્મ અને કર્મના સંબંધમાં તેઓ પોતાના કુલાચાર પ્રમાણે ભગવાન પાર્શ્વનાથના ઉપાસક છે. હેનાથી વધારે જ્ઞાન હેમને નથી. પરંતુ તેઓ એ તો જરૂર સ્વીકારે છે કે તેમના પૂર્વજો જૈનો હતા. તે લોકો સમ્મેતશિખરજીની યાત્રા કરવા જતા હતા. તેઓમાં એવી એક માન્યતા હતી કે સમ્મેતશિખરજીની યાત્રા કર્યા પછી ખેતી આદિ કાર્ય થઇ શકે નહિ. અને તે માટે કંગાલીયત ને દરિદ્રતાથી યાત્રા ત્યાગ કરવો પડ્યો. તેઓના જીવનનિર્વાહના સાધન તરીકે વેપાર અને ખેતી મુખ્ય હતાં. પરંતુ અત્યારે ખેતી અને કપડાં વણવાનું કાર્ય તેઓ કરે છે. તે લોકો ઇ. સ. પૂર્વે માનભૂમ અને સિંહભૂમ આદિ જિલ્લાઓમાં વસ્યા છે. અને પોતાની ભક્તિભાવના અંગે પ્રખ્યાત છે. અત્યારે કોઇ કોઇ સ્થળે તે લોકો પોતાનું સ્વરૂપ ભૂલી જઇ, બૌદ્ધ અને હિંદુ તરીકે પોતાને ઓળખાવે છે. કોઈ કોઈ પોતાને શુદ્ર તરીકે પણ માનવા લાગ્યા છે. પરંતુ ઐતિહાસિક દૃષ્ટિએ જોતાં એમાં જરાયે શંકા નથી કે તે લોકો જૈન છે. સન. ૧૯૧૧ માં માનભૂમ જીલ્લા ગેઝેટના ૫૧ માં પાનામાં સરાક જાતિ સંબંધી નીચે પ્રમાણે ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

"Reference is made elsewhere to a peculiar people bearing the name of Sarak (variously spelt) of whom the district still contains a considerable number, these people are OBVIOUSLY JAINS BY ORIGIN. And their own traditions as well as those of their neighbours. The Bhumij make them the descendents of a race which wos in the district when the Bhumij arrived; their ancestors are also creditted with building the temples at Para, Chharra, Bhoram and other places in these pre-Bhumij days. They are now and are creditted with having always been, a peaceable race living on the best of the terms with the Bhumij."

અર્થાત્—આ જિલ્લામાં એક એવી જાતિ નિવાસ કરે છે જહેને સરાક કહેવામાં આવે છે. કે જેની સંખ્યાનું પરિમાણ અહિં સારી છે. એ નિર્વિવાદ સિદ્ધ છે કે સરાક ઉત્પત્તિથી જૈન છે. હેના કુલાચારથી અને સહવર્તિ ભૂમિજોનાં પરંપરાગત કથનથી પણ એ ફલિત થાય છે કે એ લોકો એ જાતિના વંશધર છે કે જે ભૂમિજોના આગમન પહેલાં અહિં વસ્યા હતા. અને હેમણે પારા, છરા, ભોરમ આદિ સ્થાનોમાં ભૂમિજ કાળથી પહેલાં જિનમંદિરો બંધાવ્યાં હતાં. ભૂમિજો સાથે હળીમળીને, તેઓની રહેણી કરણી અને સદ્ વ્યવહાર એ બાબતની સાક્ષી પૂરે છે કે તેઓ હમેશાં અને આજે પણ શાંતિપ્રિય છે. એ જ રીતે સન્ ૧૯૦૮ ના પૂરી ગેઝેટના ૮૫ મા પેજ ઉપર લખ્યું છે કે: "સરાક જાતિ અતિ પ્રાચીન જાતિઓમાંની છે." તે સંબંધી મી૦ ગેટ સન્ ૧૯૦૧ ના બંગાલ સેસન્સ રિપોર્ટમાં કહે છે કે: 'એ તો નિશ્ચય જ છે કે, સરાક શબ્દની ઉત્પત્તિ શ્રાવક શબ્દથી થઇ છે. જેનો સંસ્કૃત ભાષામાં 'સાંભળનાર' એવો અર્થ થાય છે. જૈનોમાં શ્રાવક હેને કહેવાય છે કે જે યતિઓ અને મુનિઓથી ભિન્ન છે અર્થાત્ ગૃહસ્થ છે. અહિં ઘણા સરાકો વસે છે. ખાસ કરીને તેઓ (ઓરીસા) તાલચેરીયા રાજ્ય, કટકનું બંકી થાણું, અને પૂરીના પીપલી થાણામાં વસ્યા છે. તે લોકો બીજી સરાક જાતિની જેમ શાકાહારી છે. પ્રતિવર્ષ મહા મહિનાની સાતમના રોજ ખંડગીરીની ગુફાઓમાં જઇ ત્યાંની જૈનમૂર્તિઓની પૂજા સ્તવના કરે છે." તે સિવાય બંગાળ સેસન્સ રિપોર્ટ નં. ૪૫૭ પેજ ૧૦૯ માં લખે છે કે: "પ્રાચીનકાળમાં પાર્શ્વનાથ હીલના નજીકના પ્રદેશોમાં જૈનીઓની ખૂબ વસતી હતી. માનભૂમ અને સિંહભૂમ તો એ લોકોના ખાસ નિવાસ સ્થાન હતાં. જૈનીઓના કથન અનુસાર તે પ્રત્યેક પ્રાંતોમાં ભગવાન મહાવીર વિચર્યા હતા. ત્યાંના લોકો પણ એ જ કહે છે કે: પ્રાચીન કાળમાં અહિં સરાક જાતિનું રાજ્ય હતું અને તે લોકોએ કેટલાયે જૈનમંદિરો બંધાવ્યાં હતાં. માનભૂમમાં જૈનોનાં કેટલાયે પ્રાચીન સ્મારક અને સિંહભૂમમાં તામ્રપત્રો મળી આવ્યાં છે. તે લોકો પ્રાચીન જૈન શ્રાવક છે અને હેના સંતાનો સરાક જાતિના નામથી પ્રખ્યાત છે." ઉપરોક્ત રિપોર્ટો સિવાય બીજાં પણ કેટલાંક પ્રમાણો છે કે જેનાથી નિર્વિવાદ કહી શકાય કે તે લોકો જૈનોના સંતાન છે.

(૧) તે લોકોના ગોત્ર આદિદેવ, અનંતદેવ, અને કાશ્યપ (ભગવાન પાર્શ્વનાથ અને ભગવાન મહાવીરનું કાશ્યપ ગોત્ર છે.) વગેરે છે કે જે જૈનેતર જાતિમાં હોવા અસંભવ છે.

(૨) હેના ગામોમાં અને ઘરોમાં કોઈ કોઈ સ્થળે અત્યારે પણ જિન મૂર્તિઓની પાર્શ્વનાથના નામથી તેઓ પૂજા કરે છે.

(૩) માનભૂમજિલ્લાના પાકબીર, પંચગ્રામ, બોરમ, છરા, તેલકૂપી અને વેલોંજા આદિ ગામોમાં, બાંકુરા જીલ્લાના બહુલારા ગામમાં અને વર્ધમાન જીલ્લામાં કટવા તાલુકાના ઉજાયિની ગામની પાસે જિનમૂર્તિઓ મળી આવે છે.

(૪) વેલોંજા (કાતરાસગઢ) જિનમંદિરના એક શિલા લેખમાં "ચિચિતાગાર આક્રિર શ્રાવકી રક્ષા વંશીધરા" લખેલ છે.

(૫) એ લોકો કટ્ટર શાકાહારી છે. જમીકંદાદિ ફળો ઉપર પણ હેમની નફરત છે. તેના સંબંધમાં એક કહેવત પણ છે કે: "ડાહ ડુમુર પોકા છાતી. યહ નહિ ખાય સરાક જાતિ" સરાકલોકો જમી કંદાદિ ખાતા નથી (જૈનેતર કોઇ પણ જાતિમાં ફળ વિશેષનો ત્યાગ જોવામાં આવતો નથી.)

08



(૬) તે લોકો રાત્રિભોજનને ખરાબ સમજે છે. કેટલાક લોકો રાત્રિભોજન કરતા પણ નથી. ઉપરોક્ત પ્રમાણોથી એ સિદ્ધ થાય છે કે સરાક જાતિ એ જૈનસંતાનો જ છે. તેઓ એક એવા દેશમાં અને જાતિ સાથે નિવાસ કરે છે કે જેનો હજારો વર્ષોથી જૈનધર્મ સાથેનો સંબંધ તૂટી ગયો છે. જ્યાં હિંસાનું સામ્રાજ્ય છે, જ્યાં સાધુ સમાગમ નથી, જ્યાં જીવનનિર્વાહની સમસ્યા સિવાય ધર્માદિ વિષયોપર કોઇ જાતની ચર્ચા નથી. એ પરિસ્થિતિમાં સરાકજાતિ પોતાનું વાસ્તવિક સ્વરૂપ ભૂલી જાય તો ત્હેમાં આશ્ચર્ય શું છે ? છતાં જૈનધર્મની ઝાંખનો એ પ્રભાવ છે કે તે લોકો પોતાના કુલાચારને બરાબર સંભાળે છે. છતાં હજુ પણ આપણે તે તરફ ઉદાસિનતા બતાવીશું. ત્હેમની તરફ આપણા કર્તવ્યનો કંઇ પણ ખ્યાલ કરવામાં નહિ આવે તો સંભવ છે કે પોતાની રહી સહી યાદગીરીને પણ તે લોકો ભૂલી જાય.

દુનિયાની દરેક જાતિઓ જ્યારે પોતાના ઉત્થાન માટે તીવ્ર પ્રયત્ન કરી રહી છે ત્યારે જૈન સમાજ પ્રગાઢ નિદ્રામાં ઘોરતો પડયો છે. હજુ પણ સમય છે કે આપણે ચેતીએ. નહિતર જેમ થોડા સમયમાં કરોડોની સંખ્યામાંથી બારલાખ ઉપર આવી ગયા છીએ તેમ ત્હેનાથી પણ ઓછી સંખ્યામાં આવી જઇશું. આપણે માટે આ સુવર્ણ અવસર છે કે આપણે આપણી પેહેલાંના જૈન (સરાકજાતિ)બંધુઓને ત્હેમના વાસ્તવિક સ્વરૂપમાં લાવીને થોડા પ્રયત્નથી આપણી સમાજ સંખ્યાને વધારીએ. અને ત્હેમને પદચ્યુત થતા પણ બચાવીએ. જો કે એ હર્ષનો વિષય છે કે શ્રીમાન્ બહાદુરસિંહજી સિંધી, ગણેશલાલજી નાહટા અને બીજા પણ કેટલાક મહાનુભાવોનું આ મહાન્ કાર્ય તરફ લક્ષ્ય ખેંચાયું છે. અને ત્હેમની પ્રેરણાથી ન્યાયવિશારદ–ન્યાયતીર્થ ઉપાધ્યાયજી શ્રી મંગળવિજયજી મહારાજ તેમજ ત્હેમના શિષ્યરત્ન શ્રી પ્રભાકરવિજયજી મહારાજ સરાક જાતિમાં ધર્મ પ્રચાર કરી રહ્યા છે. એટલું જ નહિ પણ કલકત્તા તથા ઝરીઆમાં 'જૈનધર્મ પ્રચારક સભા' નામની સંસ્થા પણ પ્રચાર માટે સ્થાપન કરી છે. અને પ્રચારકાર્યમાં ઠીક ઠીક સફળતા પ્રાપ્ત કરી છે. આપણી સામે આ એક મોટામાં મોટું કાર્ય છે કે જેમાં શાસનની મોટામાં મોટી સેવા ભરી છે એટલે પ્રત્યેક મુનિવરો, આચાર્યો, ઉપાધ્યાયો અને પંન્યાસજી મહારાજોનું એ પ્રધાન કર્તવ્ય છે કે તેઓ એ દેશોમાં વિચરે અને પોતાના ઉપદેશદ્વારા સરાક જાતિને ત્હેના વાસ્તવિક સ્વરૂપમાં લાવી પોતાની ફરજ અદા કરે અને મહાન્ પુણ્ય ઉપાર્જન કરે.

(હિંદિ ઉપરથી અનુવાદ) —તેજમલજી બોથરા.

# સ્વીકાર અને સમાલોચના.

**શ્રી વીરતત્ત્વ પ્રકાશક મંડળઃ**–શિવપુરી (ગ્વાલીયર) સં. ૧૯૮૭ થી સં. ૧૯૯૧ સુધીનો રિપોર્ટ અવલોકનાર્થે મળ્યો છે.

**શ્રી મહાવીર જૈન વિદ્યાલયઃ**–સંવત્ ૧૯૩૫–૩૬ નો રિપોર્ટ મળ્યો છે.

**શ્રી અમદાવાદ જૈન લોજઃ**–નું કેલેન્ડર શાહ લહેરચંદ કસ્તુરચંદ તરફથી મળ્યું છે.

**પ્રજાપતિ પ્રકાશઃ**–(માસિક) સંપાદક, મુદ્રક અને પ્રકાશક શ્રી ડાહ્યાભાઇ બાબુંદજી ચાવડા. વાર્ષિક લવાજમ રૂા. ૧–૦–૦. ૫૯–૬૫ કુંભારવાડી સ્ટ્રીટ, મુંબઇ ૪.

જગતની જાતિઓ પોતાની પ્રગતિ માટે કટીબદ્ધ થઇ આગેકૂચ કરી રહી છે. પ્રજાપતિ કોમ ઉપર પણ ત્હેની અસર થઇ છે. તેઓ સંગઠિત થઇ આગેકદમ બઢાવવા તત્પર થઇ રહ્યા છે. શિક્ષણ તરફ તેઓનું લક્ષ્ય ખેંચાયું છે. ઉપરોક્ત માસિકમાં પ્રજાપતિ કોમના અગત્યના પ્રશ્નો ચર્ચવામાં આવે છે. જુદી જુદી દૃષ્ટિએ લેખો સારા આવે છે. પ્રજાપતિકોમ માટે ઉપરોક્ત માસિક એક આશિર્વાદ સમાન છે.

# સમાચાર.

**ધાર્મિક પરીક્ષાઃ**–શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડ મુંબઇ તરફથી પ્રતિવર્ષે લેવામાં આવતી શેઠ સારાભાઇ મગનભાઇ મોદી પુરૂષવર્ગ અને સૌ. હીમકુંવરબાઇ મેઘજી સોજપાળ સ્ત્રી વર્ગ ધાર્મિક હરિફાઇની ઇનામી પરીક્ષાઓ બોર્ડના સર્વ સેન્ટરોમાં તા. ૨૬ ડિસેમ્બર ૧૯૩૬ માગસર શુદ ૧૪ સં. ૧૯૯૩ રવિવારના દિવસે બપોરના ૧ થી ૪ (સ્ટા. ટા.) સુધીમાં લેવામાં આવશે. અભ્યાસક્રમ અને વિદ્યાર્થીઓએ ભરવાના ફોર્મ માટે ૦–૦–૬ ના સ્ટેમ્પ મોકલી લખોઃ–શ્રી જૈન શ્વે. એજ્યુકેશન બોર્ડ. ગોડીજી બીલ્ડીંગ પાયધુની મુંબઇ ૩.

**લાભ લીધોઃ**–પાયધુની ઉપર આવેલા શ્રી જૈન દવાખાનામાં છેલ્લા ત્રણ માસમાં. ઓગસ્ટમાં પુરૂષ દર્દી ૬૪૪ સ્ત્રી દર્દી ૩૪૫ બચ્ચાંઓ ૮૩૬ મળી કુલ ૧૮૨૫ સરેરાસ. ૫૯ દરદીઓ, સપ્ટેંબર પુરૂષ દર્દી ૭૬૦, સ્ત્રી દર્દી ૪૯૨ બચ્ચાંઓ ૭૭૨ મળી કુલ. ૧૮૩૩ સરેરાશ ૬૧ દરદીઓ, અક્ટોમ્બર પુરૂષદર્દી ૭૮૧. સ્ત્રી દર્દી ૫૪૬. બચ્ચાઓ ૮૦૬. મળી કુલ ૨૧૩૩. સરેરાશ ૬૯ દરદીઓએ લાભ લીધો હતો. દરરોજની દરદીની સરેરાશ હાજરી વધતી જાય છે. ખાતાને મદદ કરવા જૈન ભાઇ–બ્હેનોને ખાસ ભલામણ છે.

'શ્રવણ અને સંસ્મરણ' … … …સુખપૂર્ણતું આલું.

ચિંતામણીના લેખક તો નિર્વિવાદ પણે જૈન જ હતા. એમને તામિલ કવિઓના સમ્રાટ તરિકે ઓળખાવવામાં આવે છે.

કોષ અને વ્યાકરણના વિષયમાં જૈન લેખકો પછાત નથી રહ્યા. તામિલમાં આજે પરનંતિકૃત નન્નૂલ નામનું વ્યાકરણ આધારભૂત ગણાય છે. એના યોજક પણ જૈન જ હતા.

જૈનયુગની પછી શૈવ તથા વૈષ્ણવયુગ આવ્યો. જૈન–સંસ્કૃતિ, સાહિત્ય અને લોકગીતદ્વારા જનસમૂહમાં પ્રવેશ પામી ચૂકી હતી. શૈવ અને વૈષ્ણવ સાધુ–સંતોએ એ જ રાજમાર્ગ સ્વીકાર્યો. ઇતિહાસ કહે છે કે જે રીતે શ્રમણોએ લોકપ્રિયતા સંપાદન કરી હતી તે જ રીતે શૈવ તેમજ વૈષ્ણવ; લેખકોએ પોતપોતાના મંતવ્યોનો પ્રચાર કર્યો. આખરે એમને પણ રાજનો આશ્રય મળ્યો. જૈનો ધીમે ધીમે સાહિત્યના ક્ષેત્રમાંથી ખસતા ગયા તેમ તેમ સંઘનું પ્રભાવ–તેજ પણ ઝંખવાતું ચાલ્યું.

તામિલસાહિત્યનો ઇતિહાસ આજે પણ એક બોધપાઠ આપે છે. "લોક–હૃદયમાં પ્રવેશવું હોય તો સરળ–સુગમ વાણીમાં સાહિત્ય રચો અને તેનો ખૂબ પ્રચાર કરો" આજે આપણે એ માર્ગની ઉપેક્ષા કરી છે અને તેનું પરિણામ એ આવ્યું છે કે આપણે દિન પ્રતિદિન વધુ ને વધુ સંકુચિત તેમજ અનુદાર બનીએ છીએ.

(આત્માનંદ પ્રકાશ) —શ્રી સુશીલ.

આ પત્ર અમીચંદ ખેમચંદ શાહે ઓનેસ્ટી પ્રીન્ટરી. ૧૩૪–૧૪૨ ગુલાલવાડી, શ્રી નાયજી માળો, મુંબઇમાં છાપી શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે ૨૬–૩૦ ધનજી સ્ટ્રીટમાંથી પ્રગટ કર્યું છે.

# 'તરૂણ જૈન'નો વધારો—

## ખંભાતની જૈનશાળાને ચેલેન્જ.

શ્રીયુત ઠાકોરદાસ પી. શાહ તરફથી મુંબઈમાં વસતા ખંભાતવાસી જૈન બંધુઓનો એક મેળાવડો તા. ૩૦—૮—૩૬ ના રોજ સાંજના પાંચ વાગતાં ગોડીજી-મહારાજની ચાલમાં શ્રી પરમાનંદ કાપડીઆને અભિનંદન આપવા યોજવામાં આવ્યો હતો. તે પ્રસંગે ઓશવાલ, પોરવાલ, શ્રીમાળી વગેરે તમામ જ્ઞાતિના બંધુઓએ સારા પ્રમાણમાં હાજરી આપી હતી. શરૂઆતમાં સુંદર સંગીત થયા બાદ શ્રી ઠાકોરભાઈએ આ મેળાવડો કરવાનું કારણ જણાવ્યું હતું અને પરમાનંદભાઈને અભિનંદન આપતાં શ્રી પરમાનંદે ત્હેનો ઘટતો ઉત્તર વાળ્યો હતો. ત્યારબાદ ચા નાસ્તો લઈ મેળાવડો વિસર્જન થયો હતો.

## યુવક પરિષદની કાર્યવાહક સમિતિની મીટીંગ

તા. ૩૦—૮—૩૬ના રોજ બપોરના ત્રણ વાગતાં યુવક પરિષદની કાર્યવાહક સમિતિની મીટીંગ પરિષદની ઓફીસમાં મળી હતી. તે પ્રસંગે નીચેના ઠરાવો પાસ થયા હતા.

(૧) બીજી જૈન યુ. પરિષદના પ્રમુખસ્થાનેથી અપાયેલ શ્રી પરમાનંદ કુંવરજી કાપડીયાના ભાષણ સામે અમદાવાદના નગરશેઠ શ્રી કસ્તુરભાઈ મણીભાઈ અને ત્હેમના સરખા વિચારવાળાઓ જે અયોગ્ય હિલચાલ ચલાવી રહેલ છે. તે સ્હામે આ યુ. પરિષદની કાર્યવાહક સમિતિ સખ્ત વિરોધ જાહેર કરે છે. અને તે હિલચાલનો સામનો કરવા સ્થળે સ્થળના જૈન બંધુઓને આગ્રહ કરે છે.

(૨) હાલની પરિસ્થિતિને અંગે વિચારણા ચલાવવા યુવક પરિષદનું ખાસ અધિવેશન ડીસેમ્બરની આસપાસ ભરવાનું નક્કી કરવામાં આવે છે.

Regd No. 3220.

# તરુણ જૈન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર

વાર્ષિક લવાજમ ૧-૮-૦
છુટક નકલ ૦-૧-૦

:: તંત્રી : ચંદ્રકાન્ત સુતરીઆ. ::

વર્ષ ૩ જું. અંક દશમો
મંગળવાર તા. ૧૫-૧૨-૩૬.

## સામયિક–સ્ફુરણો.

### વિચાર સંઘર્ષણ.

આજે જ્યાં ત્યાં વિચારભેદને લઈ અમુક મતવાદના ચુસ્ત હિમાયતીઓ અને ભિન્ન મતવાદના હિમાયતીઓ વચ્ચે ઠેરઠેર સંઘર્ષણો થતાં માલમ પડે છે. રાજકીય ક્ષેત્રમાં જોઈએ તો સમાજવાદ અને નુતનશાહીવાદ–ફેસીઝમ–સામાજીક ક્ષેત્રમાં જોઈએ તો રૂઢિવાદીઓ અને સુધારકો અને ધાર્મિક ક્ષેત્રમાં જોઈએ તો જુના વિચારના સનાતનીઓ અને ધર્મ જેવી કોઈ સ્થાપીત સંસ્થામાં અશ્રદ્ધા દાખવનાર નવયુવકો વચ્ચે સંઘર્ષણ ચાલ્યા જ કરે છે. જો કે આ સંઘર્ષણો સાજન જુનાં છે પરંતુ વીસમી સદીને આપણે સંસ્કૃતિવાળી સદી કહીએ છીએ. એટલે આ સંઘર્ષણોમાંથી પરિણમતી અસહિષ્ણુતા સૌ કોઈને સાલે છે. આજે એક બીજી વ્યક્તિના કે સમૂહના વિચાર સહી લેવાની ઉણપ આપણે જોઈએ છીએ તે ખરેખર આપણી ધાર્મિક કે વ્યવહારિક કેળવણીને અને વર્તમાન યુગને લાંછનરૂપ છે. આ દ્રષ્ટીએ જોઈએ તો દુનિયા પ્રગતિને બદલે પીછે હઠ કરી રહી છે. ઘણીય વખત આ અસહિષ્ણુતામાંથી આપણે લોહી રેડાતાં જોઈએ છીએ ત્યારે એમજ માલમ પડે છે કે આપણે ભૂતકાળની જંગલી જાતિઓ કરતાં જરાય આગળ વધ્યા નથી.

આપણે જૈનોએ તો જૈન કે અજૈન સૌ સાથે મૈત્રીભાવે વર્તવાનું શાસ્ત્રોએ કહ્યું છે. દિગંબર કે સ્થાનકવાસી એ સૌ મનુષ્યકૃત ભાગલાઓ છે. આપણા અંદર અંદરના મતભેદ આપણે સમજી ન શકીએ તો આપણો ધર્મ ઉત્તમ ધર્મોમાંનો એક છે તેમ આપણે કોઈને કહીએ તે એક જાતની શેખી છે. જૈનધર્મ કે અન્ય કોઈ ધર્મ બધાનું દ્રષ્ટિબિંદુ એક જ છે એટલે અન્યને મિથ્યા તરીકે કહી આપણી ભવિષ્યની પ્રજાને બીજા પ્રત્યે ઘૃણા ઉત્પન્ન કરવાની હિંસા આપણે છોડવી જોઈએ. પર્યુષણ કે કાર્તિકી પુર્ણિમા જેવા દિવસોમાં નજીવા મતભેદને લઈ કેટલાક અસહિષ્ણુભાઈઓએ જૈનજનતાને વગોવી છે તે શરમાવનારૂં છે એટલું જ નહિ પરંતુ મહાવીરે ઉપદેશેલ દિલસુફીથી વિરૂદ્ધનું છે.

### ડૉ. નગીનદાસ શાહનું સ્મારક.

શ્રી મણિલાલ મોહોકમચંદ શાહ અને શ્રી ચીમનલાલ મોતીલાલ ખરીખના પ્રયાસથી અને અન્ય બંધુઓની તે કાર્ય પરત્વેની સહાનુભૂતિથી ડૉ. શાહના બે ફોટાઓ એક શ્રી મહાવીર જૈન વિદ્યાલયના વિશાલ હોલમાં મુકવા સારૂ અને બીજો મુંબઈ જૈન યુવક સંઘની ઓફીસમાં મુકવા સારૂ કરાવેલ છે; અને બાકી રકમની યોજના તેઓ વિચારી રહ્યા છે.

ડૉ. શાહના અકાળ અવસાનથી શ્રી મહાવીર જૈન વિદ્યાલય અને શ્રી જૈન યુવક સંઘને જે ખોટ પડી છે તે અવર્ણનીય છે. જે કોઈ એમના સંસર્ગમાં આવ્યું હશે તેને એટલું જરૂર માલમ પડ્યું હશે કે તેમના જેવા સાચા સેવાભાવી અને અદમ્ય ઉત્સાહવાળા વ્યક્તિઓ આપણી વચ્ચે બહુ જ ઓછા છે. ઉપરોક્ત બેઉ સંસ્થાઓ તેમની ઓછી ઋણી નથી. અને તે માટે તેમની છબીની ઉદ્ઘાટન ક્રિયા વિદ્યાલય અને યુવકસંઘની ઓફિસમાં યોગ્ય રીતે કરવામાં આવશે એવી આશા રાખી શકાય.

### આમરણાંત ઉપવાસનો અંત:—

મુનિશ્રી ભીખીલાલજીના ઉપવાસનું પારણું થયાના સમાચાર સાંપડે છે. ઉપવાસ કરી કાર્યસિદ્ધિ પામનાર વ્યક્તિ જેટલી વધુ ચારિત્રશાળી, સેવાભાવી અને ભાવનામય તેટલી જ તેની તપ સિદ્ધિ. આજે ધાર્મિક, સામાજીક અને રાજકીય ક્ષેત્રમાં આપણે આ ધાર્મિક રીતિના પ્રયોગો જોઈએ છીએ અને તેવા પ્રયોગોની સફળતા કે અસફળતા સંજોગો અને કે હેતુ ઉપર આવલંબે છે.

છતાં એટલું તો માલમ પડી જ કે આ પ્રકારના જોરજુલમથી (Coercion) થતાં સમાધાન લાંબો કાળ ટકી શકતાં નથી. લાંબા વખતના સંગીન કાર્ય બાદ જ આવા પ્રયોગો વધુ આવશ્યક ગણી શકાય.

આ સાથે એટલું પણ ધ્યાનમાં લેવા જેવું છે કે સમાજના મોવડીઓ આ કાર્યની ઘૃણા ન કરે. આપણી ગંદકી અને આપણાં છિદ્રો દૂર કર્યા વિના પુરાણું ગાડું ચલાવી રાખ્યાથી વર્તમાન અને ભવિષ્યની પ્રજાના આપણે દ્રોહી બનીએ છીએ.

# તરુણ જૈન.

તા. ૧૫-૧૨-૩૬

## રાજદ્વારી ક્ષેત્ર અને જૈનો.

### શ્રી નાણાવટીને અભિનંદન.

રાજદ્વારી ક્ષેત્રોમાં પ્રભુત્વ ધરાવનારી વ્યક્તિઓની અસર સામાન્ય લોક સમૂહના જીવન પર બહુ મોટી થાય છે. દીર્ઘકાળનો આ અનુભવ **યથા રાજા તથા પ્રજા** ની ઉક્તિદ્વારા અનુભવીઓએ વ્યક્ત કર્યો છે. બહુ પ્રાચીન કાળથી ધર્મોપદેશકો રાજાને પ્રતિબોધ આપવા તરફ વિશેષ લક્ષ દોડાવતા રહ્યા છે તેનું રહસ્ય પણ આજ છે. રાજા જ્યારે અમુક ધર્મના હોય છે ત્યારે સ્વભાવિક રીતે જ એ ધર્મના પ્રચારને ગતિ મળે છે. અને એ ધર્મના અનુયાયીઓનો મોભો વધે છે.

જૈન સમાજના પ્રાચીન ઇતિહાસમાં જે ઉજ્વળતા અને ગૌરવ દેખાય છે તે મોટા ભાગે તેની પ્રચંડ લાગવગને જ આભારી હતા. તેમ કહી શકાય. સંપ્રતિ, ખારવેલ, અમોઘ વર્ષ, આમરાજા, કુમારપાળ આદિ રાજાઓના સમયમાં જૈન સંસ્કૃતિને પુરતો વેગ મળ્યો છે તેના અંગે કેટલા વિકસિત થયા છે ? રાજા અન્યધર્મી હોય પરંતુ મંત્રીઓ અને સેનાપતિઓ જૈન હોય ત્યાં પણ જૈનધર્મને ઓછો લાભ થયો નથી ! વિમળશાહ, વસ્તુપાળ, તેજ-પાળ, ઉદયન તથા રજપૂતાનાના અનેક જૈન મંત્રીઓએ જૈનસંસ્કૃતિના વિકાસ રક્ષણમાં જે ફાળો આપ્યો છે તેની નોંધ લેતાં એ વાત ખૂબ સ્પષ્ટ થશે.

શ્રી સિદ્ધસેન દિવાકર, બપ્પભટ્ટસૂરિ, શ્રી હેમચંદ્રાચાર્ય, શ્રી હીરવિજયસૂરિ આદિ મહાન્ જૈનાચાર્યોએ પ્રાપ્ત કરેલી રાજદ્વારી લાગવગથી જૈન સમાજનાં ઘણાં મહાન્ કાર્યો થયાં છે. હમણાંનું તાજું દૃષ્ટાંતજ જુઓ શ્રી વિજયધર્મસૂરિજીએ અનેક રાજાઓ સાથે તથા મોટા મોટા વિદ્વાનો સાથે જે સંબંધ બાંધ્યો તે જૈન સમાજને અનેક-રીતે ઉપયોગી થયો છે. પરંતુ આજે જૈનસમાજની આ ક્ષેત્રમાં જે સ્થિતિ છે તે અત્યંત શોચનીય છે. છેલ્લા પચીસ વર્ષમાં તેઓએ પોતાની રાજદ્વારી લાગવગમાં જબ્બર ઘટાડો કર્યો છે. પરિણામે તીર્થના હક્કો, રાજદ્વારી નોકરીઓ અને વ્યાપાર વગેરેમાં તેને ઘણું શોષવું પડ્યું છે. આ પરિસ્થિતિ દૂર નહિ થાય અને જૈનસમાજની રાજદ્વારી લાગવગ ઘટતી જ જશે તો પરિણામ એ આવશે કે તેનું સ્થાન બીજી મામુલી કોમોની સાથે જ રહેશે.

સમાજમાં આજે પ્રચંડ ક્રાન્તિના પૂર વહી રહ્યા છે. નવા રાજકીય બળો અસ્તિત્વમાં આવી રહ્યાં છે. તે હરેકની પ્રજા જીવન પર ઉંડી અસર થઈ રહી છે. આ નવા બળોને અપનાવવાની લેનામાં જે સમાજ પછાત રહેશે તેને ઘણું સહન કરવું પડશે એ નિર્વિવાદ છે. એટલે ભવિષ્યનો વિચાર કરીને પણ જૈન સમાજે રાષ્ટ્રીય લડતમાં પોતાનો યોગ્ય ફાળો આપવો જોઈએ અને પોતાની લગવગ વધારવી જોઇએ.

આ પ્રસંગે શ્રી મણીલાલ બાલાભાઈ નાણાવટી જેઓ સામાન્ય પદથી વડોદરા રાજ્યના નાયબ દિવાન બન્યા અને હમણાં જ હિંદી સરકારની સંમતિથી રીઝર્વ બેન્ક ઓફ ઇંડિયાના ડેપ્યુટી ગવર્નર નિમવામાં આવ્યા છે. તેમને અમે અભિનંદન આપ્યા સિવાય રહી શકતા નથી પોતાની ઉચ્ચ નિષ્ઠા અને બહોળા અનુભવથી જે પદ તેમણે પ્રાપ્ત કર્યું છે તે જૈન સમાજને ગૌરવરૂપ છે એમ અમે માનીએ છીએ. અને અનેક વ્યક્તિઓને તે પ્રેરણાદાયક થઇ પડશે એમાં અમને શંકા નથી.

જૈન સમાજ પોતાની રાજદ્વારી લાગવગ વધારવામાં પ્રયત્નશીલ થાય અને તે લાગવગ અને શક્તિનો ઉપયોગ પોતાના સમાજના અભ્યુદય અર્થે કરે એટલીજ હૃદયેચ્છા.

---

( 'મોહલમણુ' પૃષ્ઠ ૮૩ નું ચાલુ )

દવા તરીકે પાસે રાખો છો. ને આ તો ઝાઝી બાટલી છે.

**મસાલી:**—હવે નાના મુઢે મોટી વાત રહેવા દે. ઘણી ચાંપલાસ શી ?

**પેમો પહોંચેલો:**—હવે આડી અવળી વાતો જવા દો ને મુદ્દા ઉપર આવો.

**ગબરૂ:**—શું મુદ્દા ઉપર આવવું છે ? જે ન્યાતના બંધારણ વિરૂદ્ધ ચાલશે તેને જોઇ લઇશું.

**કિશોર:**—શું જોઇ લેશો ?

**ગબરૂ:**—જે દીકરી બહાર દેશે તે ન્યાત બહાર થશે. સારે જુઠે એને ત્યાં જવાનું બંધ થશે. ખાવા પીવાનો વહેવાર કપાશે. તમામ વહેવાર બંધ થશે ને હાડહાડ થશે પછી. ક્યાં જશે ?

**કિશોર:**—કાકા ! તમે ભિંત ભુલો છો. જુઓ આપણી નાતમાં ૧૦૦૦ ઘર છે. તેમાં ૭૦૦ ઘરોની વસ્તી મુંબઇ વસે છે. તેમાં કોઇ વરસે, બેવરસે, ત્રણ વરસે કે ચાર વરસે લગ્ન પ્રસંગે આવે છે. હવે જુઠે અવસરે તો આવતા નથી, ને લગ્ન જેવા અવસરો મુંબઇમાં જ પતાવવાની શરૂઆત થઇ છે. તમે જોશો દશ વરસમાં સૌ ત્યાંજ લગ્નો ઉજવશે. દીકરીઓના હિતનો વિચાર કરી એને ભણાવશે, એની સલાહથી યોગ્ય સ્થળે વરાવશે. સારાજુઠે તમે નહિ જાઓ તો કંઇ અટકી રહેવાનું નથી તેમ તમારી લગારે જરૂર નહિ રહે. મુંબઇમાં લગ્ન થતાં ખર્ચ ઓછાં થશે ને તમારો ખાવાપીવાનો સવાલ બિન ઉપયોગી થશે. આ તમારી ધમકીઓની આગલા જમાનામાં અસર થતી હશે પણ આ જમાનામાં તમારી ધમકીઓ ધૂળમાં રોળાશે ને ઉપરથી હાંસીને પાત્ર બનશો ને લોકો આંગળી ચીંધશે.

**ગબરૂ:**—આહ ! હજીક તારે દુધીયા દાંત છે તને ખબર નથી. મારી રમત આગળ ભલભલાના પાણી ઉતર્યાં છે. ભલેને અમે અહિં ઓછી સંખ્યામાં હોઇએ પણ ન્યાતની ગાદી તો અહિં છે. એટલે અમારા હુકમો મુંબઇવાળાને માનવા જ પડશે.

**કિશોર:**—તમને જોઈ લેવાનો રોગ લાગ્યો છે એટલે અત્યારે નહિ સમજાય. જ્યાં મુંબઇમાં સંગઠન થયું કે જોઇ લેવાની તમારી હુમાખી તમારી પાસે જ રહેવાની છે.

ત્યાં પ્રતિક્રમણનો વખત થવાથી હતુકાકા ને ગબરૂ મસાલી કામળીઓ બગલમાં મારી ઉપાશ્રયે ઉપડયા ને સૌ વિખરાયા.

# જૈનસમાજમાં થયેલી ક્રાન્તિ.

જૈન સમાજનો છેલ્લા પચીસવર્ષનો ઇતિહાસ તપાસવામાં આવે તો સમાજના પ્રત્યેક ક્ષેત્રમાં અને વિષયમાં ક્રાન્તિનું દિગ્દર્શન થશે. સામાન્ય જીવનના પ્રસંગો પણ તેનાથી અલિપ્ત નથી જ. સૌથી પહેલાં સાહિત્યઉપર તેનો પ્રભાવ પડયો. જૈન સમાજનું વિપુલ સાહિત્ય હસ્ત લિખિત પ્રતોમાં અપ્રસિદ્ધ પડયું હતું. એટલું જ નહિ પણ તેને સૂર્યનો પ્રકાશ પણ મળતો ન્હોતો. એ સ્થિતિ સાહિત્યની હતી આજે એ સાહિત્ય વિપુલ પ્રમાણમાં નજરે પડે છે. પ્રત્યેક ગ્રંથો છપાયા છે—છપાય છે. જ્યારે ધર્મગ્રંથો અને સાહિત્ય છાપવાની વાત અસ્તિત્વમાં આવી ત્યારે સમાજમાં ખૂબ ઉહાપોહ થયેલો, તે વખતના રૂઢિચુસ્તોએ ખૂબ તરખાટ મચાવેલો અને સમાજ અને ધર્મના નાશની કૈં કૈં કલ્પનાઓ કરેલી પરંતુ એ કલ્પના આજે બીન પાયાદાર ઠરી છે. અને પુસ્તક પ્રકાશન સમાજ પ્રગતિનું એક અંગ બન્યું છે. ત્યાર પછી જેમ જેમ પુસ્તક પ્રકાશન થતાં ગયા અને તેનો બહોળો પ્રચાર થતો ગયો તેમ તેમ નવીન દૃષ્ટિ પ્રાપ્ત થતી ગઇ. અને તેના પરિણામ રૂપે ખૂબ વિશાળ ભાવના જાગ્રત બની. આજે સમાજમાં પુસ્તક પ્રકાશનનો કોઈ વિરોધી નથી. બધાયે તેમાં સામાજીક પ્રગતિ માનતા થઇ ગયા છે. ત્યાર બાદ સાધુસંસ્થામાં પણ ક્રાન્તિની અસર જોઇ શકાય છે. આજથી વીશ વરસ પહેલાના સાધુ ઉપાશ્રયની ચાર દિવાલોમાં રાચતા હતા. દુનીયા કેટલી ઝડપે આગળ વધી રહી છે તેની પણ જાહેમને કલ્પના સરખી પણ નહોતી. અને ઉભા થઇને ઉપદેશ દેવામાં પણ જે નાનપ સમજતા હતા તે આજે દુનીયાના ચોગાનમાં ઉપદેશ આપવામાં માનતા થઈ ગયા છે, જ્યારે ઉભા થઇને ઉપદેશ આપવાની પ્રણાલી શરૂ થઇ ત્યારે તે સામે પણ ખૂબ વિરોધ ઉભો થયેલો. પણ એ વિરોધ ટકયો નહિ. જો કે આજે પણ કેટલીક વ્યક્તિ તે સામે પોતાનો અણગમો બતાવે છે. પણ મોટાભાગ ઉપર એ પ્રણાલિકાની અસર થઇ ચુકી છે. ધીમે ધીમે આખાયે વર્ગને એ પ્રણાલિકા પોતામાં સમાવી લેશે. દેવદ્રવ્યનો પ્રશ્ન પણ પરિવર્તન પામ્યા સિવાય રહી શકયો નથી. દેવદ્રવ્ય સંબંધી કંઇપણ વિચારો રજુ કરવા તેમાં પણ જ્યારે પાપ મનાતું હતું. દેવનું દ્રવ્ય બીજા કોઇપણ કાર્યમાં ઉપયોગ થઇ શકે જ નહિ. એ જાતની માન્યતા પ્રધાન-સ્થાન ભોગવતી હતી. ત્યારે દેવદ્રવ્યની નૂતન વિચારસરણી અને માન્યતા રજુ થઇ હતી તે સામે સમાજના માંધાતાઓએ સખ્ત આંદોલન કર્યું હતું છતાં એ વિચાર સરણી દિવસે દિવસે વ્યાપક સ્વરૂપ લેતી ગઇ અને આજે સમાજનો મોટો ભાગ દેવદ્રવ્યને નામે લાખો રૂપિયાની રકમ અણુ વાપરી એમને એમ પડી રહે અને તેમાં વૃદ્ધિ થતી રહે. એ સ્વીકારતો નથી. પરંતુ દેવદ્રવ્યનો સામાજીક કાર્યમાં પણ ઉપયોગ થઈ શકે એ જાતની માન્યતા ધરાવે છે, આ કંઈ જેવું તેવું પરિવર્તન નથી. જે દેવદ્રવ્ય માટે અન્ય-કાર્યનો વિચાર કરવામાં પણ સાતમી નરકનો ભય બતાવવામાં આવતો હતો. એ દ્રવ્યના ઉપયોગ માટે આજે છુટથી ચર્ચા થઇ શકે છે. અને સમાજ એ ચર્ચામાં રસ લે છે.

અનંતપાપની રાશી જ્યારે એકત્ર બને છે ત્યારે સ્ત્રીઓનો અવતાર આવે છે. એ માન્યતા તો આજે શોધી જડતી નથી. અને સ્ત્રીઓના પુરૂષ જેટલાજ સમાન હકો સમાજ સ્વીકારતો થઇ ગયો છે, કન્યાના શિક્ષણ સંબંધી પણ દૃષ્ટિ બેંચાઇ છે અને અત્યારે સામાન્ય રીતે કન્યાને ચારપાંચ ચોપડી સુધીના શિક્ષણ પ્રત્યે લક્ષ્ય અપાય છે. જો કે હજુ કન્યા કેળવણીનો પ્રશ્ન વ્યાપક બન્યો નથી. છતાં જે સમય જાય છે તેમાં એ પ્રશ્ન વ્યાપક બનશે. તેમાં શક નથી.

'વિધવા પુનર્લગ્ન' સંબંધીના ઉહાપોહે પણ ખૂબ પ્રત્યાઘાતી આંદોલન ઉભા કર્યા પરંતુ વિચારક્રાન્તિની સ્હામે તે ટકી શકયા નહિ. આજે અનેક પુનર્લગ્નો સમાજમાં થયાં છે અને તેની સામે આંગળી ચીંધવાની પણ કોઇની તાકાત નથી. વિધવાઓ તરફ સમાજની હમદર્દી દિન પ્રતિદિન વધતી જ જાય છે.

સાધુઓની સત્તાના પ્રશ્ને પણ સમાજમાં ગંભીર સ્વરૂપ ધારણ કર્યું છે. જ્યારે જગતના અન્ય ધર્મગુરૂઓના સિંહાસનો સલામત નથી રહ્યા ત્યારે જૈન ધર્મગુરૂઓનાં આસન પણ કેમ સલામત રહે ? તેમની તરફ પણ સમાજનો અણગમો વધતો જ જાય છે અને જે દિવસ જાય છે તેમાં તેમના જીવન વ્યવહારનો પ્રશ્ન વિકટ બને તો કંઈ નવાઇ ન કહેવાય.

શ્રીમંતો અને જ્ઞાતિ પટેલો પણ જે આપખુદી ચલાવતા હતા પોતાની લોખંડી એડી તળે સમાજને દબાવી પોતાનું મનધાર્યું કરતા હતા, તેમનો પ્રભાવ પણ મૃત્યુ પામ્યો છે. આજે ગમે તેવો શ્રીમંત જ્ઞાતિપટેલ કે નગરશેઠની ગાદીએ બિરાજતી વ્યક્તિ લોક-મતના અભિપ્રાય સિવાય એક તણખલું પણ હલાવી શકતી નથી. સમાજમાં આ જાતના આંતર પ્રવાહો ગતિમાન થયા પછી ક્રાન્તિની ઝમક સ્થળે સ્થળે જોઇ શકાય છે. જેને જોવાને આંખ છે. સાંભળ-વાને કાન છે અને સમજવાને બુદ્ધિ છે તે તો જરૂર યુગબળને પિછાની તેને અનુકુળ થવાના પ્રયત્નો કરશેજ. ક્રાન્તિ સિવાય પ્રગતિ નથી જ. હરહંમેશ એક જાતનું જીવન જીવવામાં જીવનની મોજ નથી. પરંતુ દિન પ્રતિદિન તેમાં વિવિધતા આવે તોજ જીવન રસીક બની શકે, સમાજ-ને આજે કંઇ નવીન જીજ્ઞાસા ઉત્પન્ન થઇ છે. અને એ જિજ્ઞાસા અને તેને ઉત્પન્ન કરતી વિચાર સરણી ક્રાન્તિના આંદોલનોને અપ-નાવી રહેલ છે. આજે ભલે સમાજ વેરવિખેર જણાય. પરંતુ એ બંધાણુંથી પણ આદરણીય છે અને તેમાંથી સામાજીક નવસર્જન થઇ સમાજને કોઇ અપ્રતિમ પ્રગતિને શિખરે લઇ જશે અને સમાજ સાચું જીવન જીવી શકશે.

# કાયર કાં બને છે ?

સમાજની સિતમ ભઠ્ઠીમાં શેકાતી બ્હેન જીવનના તમામ રસ ગુમાવીને આપઘાત કરવાની તૈયારી કરે છે. આજના 'સ્ટવ અકસ્માતો'ના મૂળમાં આવા કેંક કિસ્સાઓ છુપાયા છે. આ બ્હેન એવું પગલું લે તે પ્હેલાં એની ઇચ્છા એના ભાઇ પાસે વ્યક્ત કરે છે. જૂનાં બંધનો ફગાવીને આર્થિક સ્વાયત્તતા મેળવીને અને જીવનને નવેસરથી, નવી વિચારણા પૂર્વક જીવવાની ભાઇ એને સલાહ આપે છે. એવી જ સમદુઃખી બ્હેનો જીવનથી કંટાળીને જીવનદોર ટુંકાવવા કરતાં આમાંથી માર્ગ દર્શન કરે એ હેતુથી એ અહિં આપવામાં આવે છે.... .... .... .... .... તંત્રી.

પ્યારી ચંદ્રિકા.

ત્હારા પત્રની ત્હેં કલ્પી હતી તે અસર મ્હારા પર નથી થઇ એ જાણીને, ત્હેને આશ્ચર્ય અને દુઃખ થશે. ના, હું હ્રદય હિન નથી, પત્ર વાંચતાં જ લાગણીનાં ન્હાનાં મ્હોટાં મોજાં મ્હારા પર ફરી વળવાની તૈયારીમાં હતાં. પરંતુ મુક્ત હાસ્યના એક જ પ્રયોગે એ લાગણીનાં મોજાંની ઉપરવટ હું તરી રહ્યો.

ત્હારી સાસુ ત્હને દુઃખ દે છે—હર્ષદ ત્હારામાંથી રસ ચૂસી બેઠો છે—ત્હારી નણંદો જળોની જેમ તારૂં રક્ત શોષે છે—આમ ત્હારા સંસારમાં ચોગમની આગ લાગી છે—આ હકિકત કહેતા આંસુએ ગરેલા ત્હારાં થરકતા અક્ષરો મ્હને ઘડીક તો કમકમાવી રહ્યા.

ત્હારો છેલ્લો ફોટો જોયો. સ્પર્શ ચાલુ રહેતો હોય તો સ્વર્ગ જતું કરવું ગમે એવી ત્હારી રસ નિતરતી લલિતદેહલતા કેવી ફીકકી પડી ગઇ છે! ઘડી ઘડી હસતાં નાચતાં ચક્ષુ કેવાં ઉંડે ઉતરી વિશાદ વર્ષાવી રહ્યાં છે! પણ એથી મ્હને દુઃખ નથી થતું. લોક લાજને માન આપીને જીવવાની ત્હારી ભાવનાની એ કુદરતી કદર છે. સાસું રીઝવવા ત્હેં દેહનિચોવી અથાક કામ કર્યું; હર્ષદનો પ્રેમ ઝીલવા શરિરની સંભાળ વિના બચ્ચાં સર્જવા માંડયાં; નણંદો અને કુથલીખોર લોકોની વાયકાથી અલિપ્ત બનવા ત્હેં ત્હારી રસવેલો સંકેલી લીધી. પરિણામે તું હાડપિંજર થઇ રહી.

અને હવે તું આત્મઘાત આવકારવા તત્પર બની છે? ત્હારા એ નિર્ધારે દર્દ, હમદર્દી, અનુકંપાના અનુક્રમ પછી મ્હારામાં રોષ પ્રકટાવી દીધો. ત્હારી કાયરતા જોઇને ત્હારા જહેવી બ્હેનના બાંધવ તરીકે મ્હારી જાતને માનતાં હું શરમાયો.

તું આ ક્ષણે મ્હારી સલાહ માગે છે, નહિ? હું ત્હને શી સલાહ આપું? મ્હારા માર્ગ નકામપેગીના નથી, લોકવાદને વંદનારા નથી, હું ચાલ્યો જાઉં છું ઉન્નત મસ્તકે, અને લોકવૃંદ તાજ્જુબ—મૂઢ બની મ્હને જોઇ રહે છે. આ લખું છું ત્યારે ત્હારા એક વખતના શબ્દો ગુંજે છે 'ભાઇ! ત્હમારી રીતો જુદી છે. એ રીતે સંસારમાં ન જીવી શકાય' અને આજે તું જોઇશ કે હું મ્હારી રીતે લોકમતથી બે પરવાહ, જૂનાં બંધનોને અવગણીને રસભર જીવી રહ્યો છું. ના, ત્હારા ભાંગેલા હ્રદય પર મ્હેંણાંનો માર મારી હું ક્રુર થવા નથી માગતો.

હવે ત્યારે ત્હારે શું કરવું છે? પચ્ચીસી હજી ત્હેં ગયે મહિને વટાવી. મૂર્ખાઇના પંદરથી પચ્ચીસ સુધીનાં વર્ષો કાંઇ નહિ તો હવે રહેલી ત્હારી પચ્ચીસી આમ આત્મઘાતથી ટુંકાવી દે એ હું જોવા માગતો નથી અને એથી ત્હને એક સૂચન કરું છું.

આત્મઘાતની તૈયારી એટલે પ્હરાણે પેદા કરેલો વૈરાગ્ય. ખરૂં? ત્હારો એ વૈરાગ તું ટકાવી રાખે અને આત્મઘાત કરે નહિ તો મ્હારૂં સૂચન ત્હારી બાકી રહેલી પચ્ચીસી નવપલ્લવિત કરશે અને જીવનનાં રસ તું સ્હમજીને વ્યક્તિત્વ અબાધિત જાળવીને અને સન્માનપૂર્વક રહેવું રાખી શકીશ.

આત્મઘાતની તૈયારી તો ત્હેંજ કરી છે એટલે હર્ષદને છોડવાની, બચ્ચાંને વિસરવાની તાકાત ત્હારામાં આવી છે એમ હું અર્થ તારવું છું. આત્મઘાત એ નબળા અને તાકાત રહિત માનવીની નાલાયકી છે, તું એવી નબળી છે કે તાકાતહિન છે એમ હું માનતો નથી. સમયે કદાચ ત્હને એવી બનાવી પણ હોય તો થોડોક સમય વિત્યે પૂર્વરૂપ તાજગી ને પ્રોત્સાહન પ્રેરતી તું બની શકશે એમાં મ્હને શંકા નથી.

એટલે ત્હને આ ઘડીએ જ જરૂર છે તે વાતાવરણ પલટવાની અને શોષતાં તત્વોથી અલિપ્ત થવાની. પૂર્ણ ધૈર્યથી અને સંપૂર્ણ સ્હમજથી તું એ વિચારી લે. આત્મઘાતની પ્રેરક જીવનનીતિ તું હવે ત્યાગી દે અને લોકમતથી ડરવાનું છોડીને તું અહિં ચાલી આવ, હર્ષદને કહી દે કે એના વિના પણ તું જીવી શકશે. એના પૈસા વિના કાંડા બળે તું અન્ન પામી શકીશ. એ એકવાર એને નિશ્ચિંતતાપૂર્વક કહી દેજે.

સમાં ત્હને દૂંપી મારી, લોકબાઓના ચોગાનમાં ત્હારા ગુંથણા થશે. ભૂતકાળમાં ન થઇ હોય અને ભવિષ્યમાં કદિ ન જ થાય એવી દંતકથાઓ ત્હારા નામની આસપાસ રચાશે; ગાળોના હારમાં કાદી ફેંકાનો પ્રયત્ન થશે અને તમામ ખીજ હર્ષદ ત્હારા પર કાઢી એની જુલ્મગારીનાં પેલાં 'પતિ હકો' ભોગવવા પ્રદર્શન કરશે.

મ્હારી હૂંફ તો ત્હારી સાથે જ છે. પણ બ્હેન! આ બધાનો સામનો તું કરી શકશે તો પખવાડીઆના ઘોંઘ પછી સૌ પોત પોતાના કામે લાગશે અને જીવનભરની કચરાતી ઘંટીમાંથી છૂટી, છુટકારાનો દમ તું ખેંચી શકશે.

એક પ્રશ્ન ત્હને મુંઝવે—અને તે એ કે કુટુંબ છોડીને ત્હારે શી રીતે રહેવું તે. હું પોતે ત્હને ઉપયોગી થઇશ પરંતુ ત્હને મ્હારી આશ્રિત બનાવવા નથી માગતો. સ્ત્રીઓને આર્થિક સ્વાતંત્ર્ય હોવું જ જોઇએ એ મ્હારો મત છે. અને વિદુષી સ્ત્રીઓની માગ આજે સંસાર ભરમાં થઇ રહી છે.

જૂના વાતાવરણનો ભય જાય અને ત્હારામાં આત્મશ્રદ્ધા પ્રકટે ત્યાં સુધી તું મારી સાથે રહી શકીશ. પછી તું નવી દુનીયા રચી લેજે.

અને એ કરવાની તાકાત ત્હારામાં આવે કે હર્ષદ એનો રસ ફરી તારામાં નિહાળશે અને કદાચ એ રસવિના તલસતો તલપતો તારે આંગણે ઝુરવા આવશે. ખોવાયલું વ્યક્તિત્વ તું મેળવે ત્યારેજ એ શક્ય થશે.

મારી આ સલાહ તારે ગળે ઉતરશે? કદાચ તારા અવહારૂ માનસને નડયે તો પણ આત્મઘાત કરવાથી તું જે ખોવાની છે, એથી ઘણું ઓછું તારે આમાં ગુમાવવાનું છે. કાંઇ નહિ તો આત્મઘાત પછી જે અંધકાર આવવાનો છે એને બદલે આ પ્રયોગમાં જીવન સુખી કરવાની આશાઓ તો ખરીજ છે.

કુદરતનાં તત્ત્વો તારા નિર્ણયના પ્રેરક બનો!

ખુબ પ્રેમ સાથે તારો 'ભાઇ'

# કોઇ કહે તો— માનશો નહિ.—

—કે 'જૈનયુગ'ના સંચાલકો 'તરુણજૈને' પોતાને મારેલી ચાબુકનો ઉદ્દેશો સોળ ખતાવવા પરિવર્તન વાંચ્છુ શ્રી. અચ્યુત પટવર્ધન પાસે ગયા હતા, અને એમણે આ ચાબુક મારનારા પરિવર્તન કરી શકે કે કેમ એ વિષે અને પોતાનાં કારણો બતાવી પોતાની દ્વિ-ઢુંધીયા નીતિ વિષે શ્રી. પટવર્ધનના અભિપ્રાયો માગ્યા હતા—

'ચાબુકથી પરિવર્તન શક્ય છે કે નહિ એ વિષે ક્રાન્તિના આ પ્રભાતકાળમાં ચોક્કસ અભિપ્રાય નહિ આપી શકું''—બીરાદર અચ્યુતે કહ્યું 'પરંતુ દ્વિ ઢુંધીયા નીતિ માટે તો એમ કહી શકું કે જે સૌને પ્રસન્ન કરવા પ્રયાસ કરે છે તે કોઇને રીઝવી શકતો નથી' અને શ્રી ચીમનલાલ સેતલવડ—જે દ્વિ ઢુંધીયા નીતિના આધુનિક આચાર્ય મનાય છે તેમને આજના રાજકારણમાં કશું સ્થાન નથી એ હકિકત પોતાના કથનના સમર્થનમાં શ્રી. પટવર્ધને ટાંકી 'જૈન યુગ'ના સંચાલકો સાથેની મુલાકાત પૂરી કરી હતી.

❖ ❖ ❖

—કે 'જૈન સમાજમાં બેદીખાનાં વ્યાપી ગયાં છે' એ 'જૈન-જ્યોતિ'ના કથન પ્રત્યે વિરોધ દર્શાવવા આળસપ્રિય આચાર્યો અને સાધુરાજો એક સ્ટેટમેંટ માગસર માસમાં બહાર પાડશે.

❖ ❖ ❖

—કે પોતાના 'પુત્રને દીક્ષા ન આપશો' એવી કાકલુદીભરી અરજ કરતા સાહદીના એ અપંગ પીતાને સમજાઇ ગયું છે કે સાગરાનંદસૂરિના કલેવરમાં હૃદયને સ્થાને શીલા છે એવી વાત બ્હાર આવી છે.

❖ ❖ ❖

—કે વડોદરાવાળા શ્રી. મણીલાલ નાણાવટીને રીઝર્વ બેન્કના ડેપ્યુટી ગવર્નરનો હોદ્દો મળ્યા પછી, સહકારી બેન્ક સ્થાપવાનો ઇરાદો અમલમાં મૂકવા ઇચ્છતી જૈ. શ્વે. કોન્ફરન્સ હવે નિરાશ બની છે, અને શ્રી. નાણાવટી નિવૃત્ત થાય એ પળ સુધી સહકારી બેન્કની સ્થાપના મુલતવી રખાઇ છે.

❖ ❖ ❖

—કે શ્રી. નેમસૂરિના સમ્રાટપદ છીનવી લેવાના કારણે જ શહેનશાહ એડવર્ડને ગાદી ત્યાગ કરવો પડ્યો એવી ચર્ચા અમદાવાદના માણેકચોકની એક દુકાનપર થતી હતી.

❖ ❖ ❖

—કે 'નિરક્ષરી અને આળસુજનોને જ ચમત્કારો લોભાવે છે.' જો કોઈ સારો યોગી–સાધક ચમત્કારોના આડા રસ્તે ઉતરી પડે તો સમજજો કે એ યોગવિદ્યાનો દેખીતો દુરૂપયોગ છે'!—'જૈન'ની આ નોંધથી 'હિઝ હોલીનેસ' શાંતિવિજયજી મહારાજના લાખ્ખો ભક્તોમાં ખળભળાટ મચ્યો છે. એ ખળભળાટ મિટાવવા, જ્યાં લગી 'જૈન'નો નોંધકાર પોતાના શબ્દો પાછા ખેંચીને જાહેર ક્ષમા ન માગે ત્યાં લગી 'હિઝહોલીનેસ' શાંતિવિજયજી મહારાજ અનશન આદરવાના છે. એમના આ 'અનશનયોગ'ની તમામ સગવડ ઉદયપુર રાજ્ય તરફથી પૂરી પાડવામાં આવશે.

—કે શ્રી. આત્માનંદ શતાબ્દીના ભંડોળના ઉપયોગવિષે મતભેદ ઉભો થયો છે અને કેટલાક સજ્જનો એને કારણે વડોદરામાં ગેરહાજર જણાયા હતા. આથી આચાર્ય શ્રી. વિજયવલ્લભસૂરિને રોષ ઉપજ્યો છે.

❖ ❖ ❖

—કે શ્રી. પરમાનંદ કાપડીઆ આચાર્ય મહારાજ રામવિજયજી કને દીક્ષા લેવાના છે. એવી ખાનગી મહત્વની બાતમી રા. રામવિજયજીને એક એમના ગુપ્તચરે પૂરી પાડયા પછી રા. રામવિજયજીએ 'સહસ્ત્ર ઉજાગરા' વ્રતનો કાતિકી પૂર્ણિમાથી પ્રારંભ કર્યો છે.

❖ ❖ ❖

કે રા. રામવિજયજીના અતિ સંસર્ગ અને સતત્ ઉપદેશથી માણે મિનવિજયજી ઉર્ફે શ્રી. શ્રીકાન્ત ફરી પાછા આષાઢી દશમે મિતવિજયજી બનવાના છે.

❖ ❖ ❖

—કે આ પ્રસંગે શ્રી. મુળચંદ દલાલ પણ દીક્ષા લેશે અને એમનું નામ શ્રી. મૂર્ખવિજય રાખવામાં આવશે.

❖ ❖ ❖

કે મુંબઇના કોમી હુલ્લડથી બાયખલા મંદીરે દર્શન કરવા ઇચ્છતા જૈનસમુદાયને બીજે પટ બંધાવી પેતાના તરફ આકર્ષવાના યંગમેન્સ જૈનસોસાયટીના પ્રયાસને શ્રી મુંબઇ જૈન સ્વયંસેવક મંડળે માટીમાં મીલાવી દીધાથી આવાકાયા શિષ્યોના પ્રખર ગુરૂએ 'ખાલીહાન'થી રહી ગએલી પુણ્યોપાર્જના કરવા માંડી છે.

❖ ❖

—કે શ્રી. ભગવાનજી કપાશી એમની પૂર્વકથાનાં લખાયલા પ્રકરણ કોઇની નજરે ન પડે માટે બાળીને ભસ્મ કરવાનો ઇરાદો સેવે છે.

**પ્રણાલિકા:—**

પ્રણાલિકાઓ માનવીકૃત છે. જે જે પ્રણાલિકાઓ અત્યારે પ્રચલિત છે. તે જ્યારે અસ્તિત્વમાં આવી હશે. ત્યારે સમાજને જરૂર ઉપયોગી હશે પરંતુ અત્યારે જો એ પ્રણાલિકા સમાજને ઉપયોગી ન નિવડતા નુકશાન કરતી હોય તો કોઇપણ બુધ્ધિમાન સમાજ તેને ચલાવી લઇ શકે નહિ. પ્રણાલિકાઓ માનવ સમાજનો વ્યવહાર આસાનીથી ચાલી શકે તેટલા ખાતર જ હોય છે. તેને સિદ્ધાંતનું રૂપ આપવું એ નરી મૂર્ખતા છે. સમયે સમયે તેમાં પરિવર્તન થઇ શકે છે. જૈન સમાજ આજે કેટલીયે કુરૂઢિઓનો ભોગ બન્યો. છે કે જે માત્ર જુની હોવાના કારણે જ નિભાવી લેવાય છે. આવી કુરૂઢિઓને હઠાવવી એ પ્રત્યેક યુવકની ફરજ થઇ પડે છે. અને એ રીતે સમાજના શરીરનું શોષણ કરતાં કુ તત્વોનો નાશ કરી નૂતન સમાજ સર્જન કરવામાં ધર્મ મનાવો જોઇએ.

# ⁂ વ ર્ત મા ન. ⁂

અખબારી જમાતે સારીયે દુનીયામાં સમ્રાટ એડવર્ડ—સીમ્પસન કિસ્સો અને તેને અંગે ગાદીત્યાગના આશ્ચર્યભર્યા સમાચારો પ્રગટ કરી સનસનાટી ફેલાવી મુકી છે. આપણે ત્યાં તેવા અનેક કિસ્સાઓ બની ગયા છે. સમ્રાટ શાન્તનુ માછીનારની કન્યા પરણ્યા હતા, સમ્રાટ દુષ્યન્તે જોગીની કન્યાને અપનાવીહતી, અને બીજા પણ તેવા અનેક સમ્રાટો થઈ ગયા છે. કે જેમણે હલકી જાતિની કન્યાઓ સાથે લગ્ન કર્યા છે. પણ તે માટે તેમને રાજ્યપાટ છોડવા પડ્યાં નથી. પરંતુ રાજા એડવર્ડે રાજ્યપાટ છોડી સ્વેચ્છાપૂર્વક દેશવટો લીધે છે. અદ્ભુત પ્રેમનું આથી વિશેષ બલિદાન શું હોઇ શકે ?

❁ ❁ ❁

મુંબઇમાં ગયા અઠવાડીયા દરમ્યાન શ્રી ભુલાભાઇના નિવાસ સ્થાને મહાસભા કારોબારી સમિતિની બેઠક મળી હતી. તેમાં પં. જવાહરલાલ નેહરૂ, આચાર્ય કૃપલાની, સરદાર વલ્લભભાઇ પટેલ, શ્રી શરતચંદ્રબોઝ, ખાન અબ્દુલ ગફારખાન વગેરે નેતાઓએ હાજરી આપી હતી. આનેનવા બંધારણ-સંબંધી રજુ થનાર ઠરાવને પસાર કર્યો છે. તેમાં બંધારણને અસ્વીકાર કરવાનાં કારણોની ચોખવટ કર્યાનું કહેવાય છે.

❁ ❁ ❁

ફૈઝપુર મહાસભાના સ્વાગતસમિતિના ઉપપ્રમુખ શ્રીયુત્ રાજમલજી લલવાણી કે જેઓ જૈન છે તેઓ મહાસભાનાં પ્રચાર કાર્ય માટે નાગપુર આદિ પ્રાંતોમાં પ્રવાસ કરતાં જૈન જનતાએ તેમજ સ્થાનિક સંસ્થાઓએ ખૂબ સહકાર આપ્યો હતો. પ્રત્યેક સ્થળે મહાત્માજી અને પં. જવાહરલાલ નેહરૂની જયના પોકારોથી તેમને વધાવવામાં આવતા હતાં. લોકોનો ઉત્સાહ ખૂબ છે. ફૈઝપુર મહાસભા ઇતિહાસમાં એક મણકો ઉમેરશે એમ જણાય છે.

❁ ❁ ❁

સ્પેનના આંતર વિગ્રહમાં ત્યાંની સ્ત્રી શક્તિએ જે પરચો બતાવ્યો છે. બોંબ, ઝેરીગેસ અને ગોળાઓના વરસાદ વચ્ચે માડ્રીડની જે રક્ષા કરી છે અને મુરીશ સૈનિકોને પાછા હઠવાની ફરજ પાડી છે. એ કીસ્સો ઇતિહાસમાં અજોડ છે. સામ્યવાદ અને ફેસીઝમનાં ઘર્ષણ વચ્ચે સ્પેનમાં કોઇ અનોખો જ ઇતિહાસ આલેખાઇ રહ્યો છે.

❁ ❁ ❁

તુર્કીના દક્ષિણ આનાતોલીયામાં આવેલ આડાના ખાતેની જંગી રેલમાં સેંકડો માણસો ડુબી મૂવાં છે અને હજારો માણસો ઘરબાર વગરનાં થઇ પડ્યાં છે. કુદરતના કારમા પ્રકોપ આગળ માનવીનું શું ગજું ?

❁ ❁ ❁

વડોદરા સ્ટેટના નાયબ દિવાન અને જાણીતા જૈન આગેવાન શ્રી મણીલાલ બાલાભાઇ નાણાવટીની રિઝર્વ બેન્ક ઓફ ઇંડિઆના ડેપ્યુટી ગવર્નર પદે રૂપીઆ ચાર હજારના માસિક પગારથી નિમણુંક થઇ છે અને ના. વાઇસરોયે તેને બહાલી આપી છે.

❁ ❁ ❁

અમેરીકામાં પ્રેસીડેન્ટ રૂઝવેલ્ટે અમેરીકન શાંતિપરિષદના પ્રમુખ સ્થાનેથી જણાવ્યું હતું કે "યુરોપે વિશ્વશાંતિને અશક્ય બનાવી છે. આખા જગતને શાંતિપર દોરવાનો રાહ ગુમ થયો છે. બાકી રહે છે હવે એક જ ઉપાય. કે યુરોપ સિવાયની બાકીની દુનિયા એટલે પોતપોતાનું જતન કરી સકે તેવા પ્રદેશો એટલું જ સંભાળી લ્યે કે એકલા યુરોપની બદબારયણી જગતભરનું કુરૂક્ષેત્ર ન બની જાય. આપણે અમેરિકા ખંડની તમામ પ્રજાઓ જુની માતૃભૂમિ યુરોપના આંતર વૈરોને અળગાં રાખીને આપણા ખંડ પૂરતી શાંતિની જ નહિ પરંતુ યુરોપ યુદ્ધવિરામની પણ વાટ અજવાળી શકીશું. આપણા વચ્ચેનું આવું શાંતિસંગઠન એશીયા કે આફ્રિકાની પ્રજાઓને માટે શક્ય નથી. કેમકે તેમના પગમાં તો યુરોપી પ્રજાના હિતની અનેક આંટીઓ પડી ગઇ છે.

❁ ❁ ❁

દક્ષિણહિંદમાં પ્રગતિમાન ગણાતાં ત્રાવણકોર રાજ્યે રાજ્યના તમામ મંદિરો હરિજનો માટે ખુલ્લાં કર્યાં છે અને ઉજળીયાત કોમ જેટલો જ હક્ક હરિજનોને આપી હિન્દના રાજવીઓની સામે એક સુંદર આદર્શ ધર્યો છે. અને તેનું અનુકરણ સંકેત રાજ્યે (કોટા પાસે) પણ કર્યું છે.

❁ ❁ ❁

'ઇન્ટર નેશનલ કાઉન્સીલ ઓફ વીમેન' કે જે દુનીયાના લગભગ ચાલીશદેશોની ચારકરોડ સ્ત્રીઓનું સંગઠન કરી રહેલ છે. તેના અકટોબર માસમાં મળેલા અધિવેશનમાં ઉપપ્રમુખ તરીકે જાણિતા ગુજરાતી સ્ત્રી કાર્યકર શ્રીમતી તારાબેન માણેકલાલ પ્રેમચંદની ચુંટણી થઇ છે.

❁ ❁ ❁

રાધનપુરના નવાબ સ. મહમદ જલાલુદીન ખાનજી કે સી. એસ. આઇનું રાધનપુર ખાતે અવસાન થયું છે. મર્હુમ નવાબસાહેબનો જૈન સમાજ સાથે નિકટનો સબંધ હતો. તેમના રાજ્યત્વકાળ દરમ્યાન જૈન સમાજમાં પ્રવર્તતા સંઘસોસાયટીના ઝઘડાઓ રાધનપુર સ્ટેટમાં પ્રવેશ પામ્યા નહોતા. મર્હુમ નવાબ સા. માં એવા કેટલાયે ગુણો હતા કે જેનું સ્મરણ કરીને જૈન તેમજ જૈનેતર રાધનપુર સ્ટેટની પ્રજા આંસુ સારી રહી છે. તેમના જેવા રાજવીના અવસાનથી રાધનપુરની પ્રજાએ એક સારો રાજવી ગુમાવ્યો છે.

❁ ❁ ❁

રશીયામાં સરમુખત્યારીનો યુગ ખતમ થયો છે અને પાર્લામેન્ટરી લોકશાસનનો ઉદય થયો છે. તેની અઢાર કરોડની પ્રજામાં અઢાર વરસ અને તેની ઉપરની વયના તમામ સ્ત્રી પુરૂષોને મત આપવાનો હક્ક અપાયો છે. ત્યાં દરેક માનવીઓને રોજીમળે, ઘડપણમાં રક્ષણ મળે, માંદગીમાં દરેક જાતના સાધનો મળે અને દરેક વિદ્યાર્થીને પ્રત્યેક ક્ષેત્રનું શિક્ષણ મળે એ જાતનો પ્રબંધ કરવામાં આવ્યો છે.

❁ ❁ ❁

સામ્યવાદી રશીઆ સામે ફેસીસ્ટ જર્મની અને જાપાને જે કોલ કરારો કર્યા છે તેની સાથે કરારમાં ઓસ્ટ્રીઆ પણ જોડાશે. એ અફવા નાપાયાદાર ઠરી છે.

❁ ❁ ❁

ફૈઝપુર મહાસભાના પ્રમુખ તરીકે પં. જવાહરલાલ નેહરૂની ચુંટણી થઇ છે. સન. ૧૯૨૯ માં મળેલી લાહોર મહાસભામાં, સન ૧૯૩૫ માં મળેલી લખનૌ મહાસભામાં અને સન ૧૯૩૬ માં મળતી ફૈઝપુરમહાસભાના, એમ ત્રણ ત્રણ વખત રાષ્ટ્રપતિ તરીકે માન મેળવનાર પંડિત જવાહરલાલ એકલા જ છે.

❁ ❁ ❁

ફૈઝપુર તિલક નગર સાવડા સ્ટેશનથી ચાર માઇલ અને ભૂસાવળથી વીશ માઇલ થાય છે. સાવડા સ્ટેશને મોટરબસો અને વાહનોની સગવડ છે અને મહાસભાના અધિવેશન દરમ્યાન ભૂસાવળ સ્ટેશને પણ મોટરલારી વગેરેની સગવડ મળશે.

# જોઈ લઈશું.

**હાલની ન્યાતો, ઘોળો ને તડોને જેઓ સમાજની અહિત કરનાર સંસ્થાઓ સમજે છે તેવો વર્ગ તેની સામે જાહેર પ્રચાર કરે છે. તેમ પોતાની દીકરીઓ, બ્હેનો વિગેરેને ઉચ્ચ કેળવણી આપી ન્યાતની બહાર યોગ્ય સ્થળે વરાવે છે. તેની સામે ન્યાતોના પટેલ અને શેઠો 'જોઈ લેવાનો' કુંફાડો કરે છે તેને લક્ષીને આ સંવાદ લખાયો છે. તંત્રી.**

સરસ્વતી નદીના કાંઠે વસેલા અશાંતિપુરના ચોક ચકલામાં, કનાશેઠની શેરીએ કનાકાકાના ઓટલે ગભરૂ મસાલી બેઠા બેઠા બીડીઓના ધુમાડાના ગોટમાં વિચાર વમળમાં અટવાયો છે ત્યાં કનાકાકા વાળુ કરીને હાથ મસળતા બહાર આવી સુડી સોપારી સાથે! પાટે ગોઠવાયા.

કેમ ગભરૂ! શું વિચારમાં પડી ગયો છે? ગભરૂ જવાબ આપે ત્યાં તો અમુભાઈ તેલી, મણીભાઈ પડદાબીબી, નનુભાઈ શેઠીયા, પુનુભાઈ પટેલીયા, પેમો પહોંચેલો, અણુશાણી ને ઝવેરી આવી પહોંચ્યા ને કનાકાકાના ઓટલે નવરાની મંડળી જામી.

**ગભરૂઃ**—કેમ શેઠીયા! આજે કંઈ સાતે જણની સાથે સ્વારી અહિં આવી પહોંચી છે?

**નનુશેઠીયાઃ**—આજ કેટલાય દિવસથી ગામમાં કેટલીયે સાચી ખોટી વાતો ચાલે છે. કાનોકાન સંભળાય છે. એટલે તમારી સાથે વાતચીત કરવા અમે સાતે મળીને આવ્યા છીએ.

**ગભરૂઃ**—ઠીક, ઠીક, બોલો ત્યારે શી વાતો છે?

**પુનુપટેલીઆઃ**—તમે નથી જાણતા? તે અમને પુછો છો?

ત્યાં તો દંભનું પુતળું ગભરૂ મસાલી બે હાથ કાને મુકી કહે છે—ના રે ભાઈ! આપણે કશુંયે જાણતા નથી. આપણે તો ભલી આપણી દુકાન ને ભલું આપણું ઘર! ત્યાં તો અમુભાઈ તેલીથી ન રહેવાયું ને બોલી ઉઠયા—શું કરવા દંભ કરો છો? મેં આજ બપોરે જ તમને વાત કરી ત્યારે તમે કહેલું કે હું જાણું છું ને વિચારમાં જ છું. અને એ માટે અમે સાત આજ આવવાના છીએ તે પણ કહેલું. ને તમે માથું ધુણાવેલું, છતાં કહો છો નથી જાણતો.

**ગભરૂઃ**—બરાબર! બરાબર! ભાઈ મારી યાદદાસ્તી ઘટતી જાય છે એટલે યાદ ન આવ્યું. બોલો. ત્યાં તો મણીભાઈ પડદાબીબીએ શરૂ કર્યું.

હવે આપણી ન્યાતોમાં ન્યાતના બંધારણ ઉપર પગ મુકી છડે ચોક દીકરીઓ બહાર દેવાઈ રહી છે અને અનેક દેવાના વિચાર કરી રહ્યા છે. ન્યાતો તુટી જશે ને જુલમ થશે.

ત્યાં તો મંદિરમાંથી દર્શન કરી બહાર નિકળતો કિશોર જેવો આગળ વધ્યો કે તરત ઝવેરીએ બૂમ મારી—કિશોર! એ......કિશોર! એટલે કિશોર પણ આવ્યો ને મંડળીમાં ગભરૂભાઈની જોડે ગોઠવાયો. કે ઘડીભર તો સૌ એક બીજા સામું જોઈ રહ્યા. આખરે અણુશાણી બોલ્યાઃ-

આપણી ન્યાતના પેલા નવનીતલાલની છોકરી બી. એ. પાસ થઈ છે. અરૂણની બ્હેન ડોકટર થઈ છે. કિશોરની ભાણેજે પણ કાંઈ ડીગ્રી મેળવી છે. ને બીજી બે ત્રણ બ્હેનો કોલેજમાં ભણે છે. આ બધીયે છોકરીઓ ન્યાત બહાર જવાની અને સારા જુદે ઠાણે દેશાવરમાં વસતા સૌ ભાઈઓ અત્રે આવતા તે પણ એમણે ન આવવાની શરૂઆત કરી દીધી છે છતાં આપણે ઉંઘીએ છીએ.

**પેમો પહોંચેલોઃ**—ભાઈ! આપણે કાનો કાન સાંભળીએ છીએ, પેલો નવનીત આઠ દહાડાપર મુંબાઈથી અહિં આવેલો ત્યારે મારે ને એને વાતચીત થઈ ત્યારે એ ચોખ્ખે ચોખ્ખું કહેતો કે હું તો મારી પ્રેમીલાને બહાર જ દેવાનો છું. મેં કહ્યું ન્યાત, ન્યાતબહાર કરશે પછી પસ્તાવું પડશે. એટલે કહે તમારી ન્યાત કાલ ન્યાત બહાર કરતી હોય તો ભલે આજે કરે પણ હું પાપ નહિ કરૂં. મેં પૂછ્યું—અલ્યા! પાપ શાનું? એટલે કહે—છોકરીની ઇચ્છા વિરૂધ્ધ લાકડે માંકડું વળગાડી દેવું, અણગમતાં ચોકઠાં ગોઠવી દેવાં એ પાપ નહિ તો બીજું શું? એ તો ઠીક, ચાર દીકરા ક્યાં ઉતારશો? ત્યારે કહે તમારી નાતો દીકરા માટે જ દીકરીઓના ભોગ માગે છે એ મારે ભોગ નથી આપવો. દીકરાઓમાં નૂર હશે, ભણ્યા ગણ્યા હશે, બાહોશ હશે તો એની મેળે ગમે ત્યાં પરણશે. મેં એ ચિંતા છોડી દીધી છે સમજ્યા મુરબ્બી! આટલું કહીને સડસડાટ ચાલ્યો ગયો.

હવે તમારે જે વિચાર કરવો હોય તે કરો. નહિ તો ન્યાત ગધેડે ચડશે.

**ગભરૂઃ**—ન્યાતને ગધેડે ચડાવવા કોઈ જન્મ્યો નથી.

**પુનુભાઈઃ**—તમે તમારે ઘરમાં મોતીના સાથીઆ પૂર્યા કરો.

**ગભરૂઃ**—કનાકાકા! તમારૂં શું ધ્યાન બેસે છે?

**કાકાઃ**—ભાઈ! આપણે તો કાંઠે આવીને બેઠા છીએ એટલે આવી પંચાતોમાં માથું મારવું માંડી વાળ્યું છે. તમને ફાવે તેમ કરો.

**ગભરૂઃ**—એમ ચાલશે, સલાહ તો આપવી જ પડશે!

હું તો આ ઉઠયો, મારે ચોવિહાર વાળવાનો વખત થયો છે એમ કહી ઉભા થવા ત્યાં તો મસાલીએ આગ્રહથી બેસાડી પોતાના સાંકળીયા પટેલને બૂમ મારી—અલ્યા સાંકળીયા!...એ...સાંકળીયા! ત્યાં સાંકળીયો હાજર થયો.

**ગભરૂઃ**—રાત પડવા આવી છે માટે મારી દવાને પાણીનું ગરગડું લાવ.

સાંકળીઓ તરત દવા ને ગરગડું લાવીને હાજર થયો ને મસાલીએ તરત બાટલીમાંથી દવા કહાડી ગટગટાવીને કાકા સાથે ગરગડું ખાલી કરવામાં રોકાયા. તે અરસામાં કિશોરે બાટલીનું લેબલ વાંચી મસાલી કાકાને કહ્યું. કાકા! તમે તો રોજ દહેરે—અપાસરે જાઓ છો, પૂજા પડકમણું કરો છો ને ધરમના કામકાજમાં ભાગ લો છો, ને આ ચોખ્ખું કોકલીવર ઓઈલ પીવો છો? એ તો નવાઈ!

**ગભરૂઃ**—એ તો ડોકટરની દવા છે. આપણે શું જાણીએ, ભોગ ડોકટરના, ત્યાં તો અણુશાણી બોલી ઉઠયા. આ તમારો દંભ ક્યારે છોડશો? ડોકટરે તો વાગી વગાડીને ચોખ્ખું કહ્યુંતું પણ તમે

( વધુ માટે જુવો પૃષ્ઠ ૭૮ )

૭૦



# ગુજરાત ખાલી કરો.

ગુજરાતમાં જૈનસમાજ ધંધારોજગારે વળગેલો હોવાથી બીજાના હિસાબે સુખી ગણાય છે. તેમ જૈનોની વસ્તીના મોટા ભાગનો વાસ હોવાથી જૈન સમાજના સાધુવર્ગનો મોટો ભાગ મુંબઈ અને પાલણપુરની વચમાં અને કાઠીઆવાડમાં હરતો ફરતો ને ચોમાસાના ચાર મહિના આનંદથી ગુજરાતમાં જ સ્થિરતા કરે છે. એને મારવાડ, મેવાડ, માળવા, મહારાષ્ટ્ર, મદ્રાસ કે બેંગલોર જવું લગારે ગમતું નથી. કારણ ? ત્યાં સેંકડો રૂપીયાની કિંમતની કીંમતી ધાબળીઓ, મુલાયમ મલમલના તાકા, મનમાનતી ફાઉન્ટનપેનો, ટપાલનો ઉડાઉ ખર્ચ વિગેરે કીમતી ખર્ચાળ ચીજો ત્યાં આપનાર મળતા નથી. તેમ આહાર પાણીમાં દુધ, ચાહ, આછાં ફળફું, ઓસામણ, મીઠી વાનીઓ ને તળેલા બદામપિસ્તાં ? મળતાં નથી પણ બરબાજરીના રોટલા–છાસ. ઘેંસ ને ખાંડા ભાત મળે અને વિહારમાં કદિ ફડાકા પણ થાય. એ એમને ગમતું નથી. એટલે જ આ સુકોમળ જીવોને —નામધારી સાધુઓને ગુજરાત છોડતાં આકરું લાગે છે.

કાર્તિકીપુર્ણિમા ગઈ અને સાધુઓના વિહાર શરૂ થયા છતાં ફક્ત આચાર્ય વિજયવલ્લભસૂરિજ પંજાબ તરફ વિહાર કરવાના છે. બાકીના પેલી કહેવત મુજબ–"સુરત સાસરું, પાલીતાણા પીયર ને મુંબઈ મોસાળ" એ પ્રમાણે ગુજરાતમાં જ મહાલશે તેમ લાગે છે.

ગુજરાતના જૈનોમાંથી જૈનત્વ જવાની લેશ પણ આશા નથી એ તો સુરતજૈનો રહેવાના ને રહેશે. છતાં વર્ષોનાં વર્ષો સુધી ગુજરાતમાં પડી રહી તમે લાભને બદલે ગેરલાભ કર્યો છે. તમારા દુરાગ્રહથી–ન જેવા મતભેદોથી મોટા થવાના મોહથી ગુજરાતના જૈનોમાં ઠેર ઠેર હોળીઓ સળગાવી છે. પડદા પાછળ ઉભા રહી અનેક કુભાંડો રચ્યાં છે. જૈન સમાજને કે જૈનધર્મને લાભ કરતી પ્રવૃત્તિ આદરી શક્યા નથી. આદરી શકવાના નથી. છતાં ગુજરાતમાં જ પડી રહેવું એ તમારા સાધુપણાને કલંકરૂપ છે. થોડાંક વર્ષો તમારા પોપશાહી પંજામાંથી મુક્ત કરશો તો તમારી દોરવણીથી જે કલહ–કંકાશ ચાલી રહ્યા છે તે નાબુદ થશે ને ગુજરાતની જૈન સમાજમાં હતો તેવો સંપ–શાંતિ સ્થપાશે. માટે થોડાં જ વર્ષો ગુજરાત ખાલી કરી અન્ય સ્થળે ઉપડો. ને આપમાં સાચી શક્તિ હોય તો સામર્થ્ય દાખવો. ગુજરાતમાં આપને સૌ ઓળખે છે–જાણે છે. જૈનસમાજની, જૈનધર્મની સાચી ધગસ હોય અને સાધુપણાને શોભાવવું હોય તો તમારા થાણાં ગુજરાતમાંથી ઉપાડો. સાધુપણું સુખશીલીયા થવામાં નથી પણ સંયમ ને ત્યાગમાં છે.

ભગવાન મહાવીરનું ચારિત્ર તમારાથી અજાણ્યું શાનું હોય ! તમે તો તેનો પૂરો અભ્યાસ કરી આચરણમાં મુકવાનો દાવો કરનારા ગણાઓ ! છતાં તમારી વર્તણુક, તમારી રીતભાત પ્રભુએ આચરેલા નિયમની વિરૂધ્ધ જ દેખાય છે એ સમજાય છે ? ન સમજાય તો લગાર નજર કરો.

દીક્ષા બાદ પ્રથમ ચોમાસે પ્રભુ મોરાકગામમાં કુલપતિ તાપસના આગ્રહથી ત્યાં ચોમાસું રહ્યા. પરંતુ તાપસોને લાગેલ દુઃખથી પ્રભુએ ત્યાં જ ધારણ કરેલા પાંચ અભિગ્રહોમાં પહેલોજ એ અભિગ્રહ હતો કે–'**કદિપણ જ્યાં અપ્રીતિ થાય તેને ઘેર વસવું નહિં**' એ અભિગ્રહના લીધે જ દીક્ષાના દિવસથી એકવર્ષ બાદ એ જ **મોરા ગામે બહારના ઉદ્યાનમાં** પ્રભુ પ્રતિમા ધારીને રહેલા ત્યારે ગામ લોક બહુ માન કરતા ને એજ ગામના દુરાચારી અચ્છંદક પાખંડીને નિંદતા તેથી અચ્છંદકને દુઃખ થયું ને પ્રભુને વિહારની વિનંતિ કરી. કે અપ્રિતિવાળા સ્થાનનો પરિહાર કરવાના અભિગ્રહવાળા પ્રભુ ત્યાંથી વિહાર કરી ગયા.

આપ જાણો છો ? ગુજરાતમાં ઠેર ઠેર તમારા પ્રત્યે અપ્રીતી છે. તમે દ્વેષના વૃક્ષો રોપો છો છતાં ગુજરાત છોડતાં મુંઝાઓ છો. આ સાચી સાધુતાનું લક્ષણ છે !

તમે જાણો છો કે પ્રભુએ મગધ, વૈશાલી, કલીંગ, ચેદી, સિંધ–સૌવીર ને અવંતિ જેવાં મહારાજાઓને જૈન બનાવેલા. જેના પરિણામે લાખો ને કરોડો મનુષ્યો જૈન ધર્મિ બનેલા તે પ્રદેશોમાં આજે રાજાઓ તો હારાણે રહ્યા પણ જૈનોની સંખ્યા પણ નામની છે. કારણ કે સાધુઓના વિહારના અભાવે જૈનોના જુથને જુથ જૈનેતર બન્યાં છે–બની રહ્યાં છે. છતાં ઓ ! આચાર્યો ! પંન્યાસો ! પ્રવર્તકો ! અને સાધુઓ ! તમને ગુજરાત કેમ છોડવું નથી ગમતું ? શું તમે જ ઉભા કરેલા તમારા બાવલાના મંદિરો તમારા ગળે વળગી રહ્યાં છે ? કે રાજરાણી મહેલો જેવાં ઉપાશ્રયોની મોજ નથી છુટતી ? કે છત્રપતિની લોલુપતા ખાતર બહાર નીકળવું નથી ગમતું ? વર્ષોના વર્ષોથી ગુજરાતમાં પડી રહી કેટલા જૈનો નવા બનાવ્યા ? સમાજ હિતમાં શું લીલું માર્યું ? હા, ભેદભાવ ઉભા કર્યા. લાઠીઓથી અનેકનાં માથાં ફોડાવ્યાં. કાળાવાવટાની નવાજેશ છતાં નફટ બની અપાસરામાં દાખલ થવાને હઠો જમાવ્યો. મહિનાઓ સુધી કોર્ટોના પગથીઆં ઘસ્યાં. ભગવાન મહાવીરનો સંદેશ ઉંચો મુકી સમાજને દ્વેષના ઝેરી વિષ પાયાં. આ સિવાય ગુજરાતમાં ગણ્યા ગાંઠયા મુનિવરો આત્મસાધના કરી રહ્યા હશે. બાકી તમારે નામે તો નહાવા નીચોવવાનું જ છે એટલે ગુજરાતના ભલા ખાતર, તમારા સાધુપણા ખાતર, એ ચેલા ચેલીના, બાપ મંદિરોના, પેટી પટારાના સુંદર સ્વાદિષ્ટ ભોજનના મોહ છોડી દઈ જ્યાં જરૂર છે ત્યાં સિધાવો. અને જેઓ અજ્ઞાનતાની ઘોર જાળોમાં સપડાઈ અન્ય ધર્મોમાં ભળી રહ્યા છે–ભળી ગયા છે તેને બચાવવા ગુજરાત ખાલી કરો.

આ પત્ર અમીચંદ ખેમચંદ શાહે ઓનેસ્ટી પ્રીન્ટરી. ૧૩૪–૧૪૨ ગુલાલવાડી, શ્રી નાથજી બાગ, મુંબઈમાં છાપી શ્રી મુંબઈ જૈન યુવક સંઘ માટે ૨૬–૩૦ ધનજી સ્ટ્રીટમાંથી પ્રગટ કર્યું છે.